અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ જુલાઈ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૯ | અંક : ૨૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## નોર્વે અને ન્યૂઝીલેન્ડની વસતી કરતાં પણ વધુ પીએમ આવાસ બિહારમાં બનાવ્યા : વડાપ્રધાન

### પીએમ મોદીએ કહ્યું આ ધરતી ચંપારણની ધરતી છે આ ધરતીએ ગાંધીજીને નવી દિશા બતાવી હતી, હવે આ ધરતીની પ્રેરણા બિહારનું નવુ ભવિષ્ય બનાવશે




**। (એજન્સી) મોતિહારી, તા.૧૮ ।** વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે બિહારના મોતિહારી પહોંચ્યા હતા. જ્યાં વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી નીતીશ કુમારના વખાણ કર્યા હતા. ત્યારે વડાપ્રધાને સંબોધનમાં જણાવ્યું હતું કે, બિહારના મોતિહારીને મુંબઈની જેમ વિકસાવવામાં આવશે. જેમાં વડાપ્રધાને કહ્યું હતું કે, નૉર્વે અને ન્યૂઝીલેન્ડની વસતી કરતાં પણ વધુ પીએમ આવાસ બિહારમાં બનાવામાં આવ્યા છે. પીએમ મોદીએ મોતિહારીનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, આ ધરતી ચંપારણની ધરતી છે. આ ધરતીએ ઈતિહાસ બનાવ્યો છે. આઝાદીના આંદોલનમાં આ ધરતીએ ગાંધીજીને નવી દિશા બતાવી હતી. હવે આ ધરતીની પ્રેરણા બિહારનું નવુ ભવિષ્ય પણ બનાવશે. બિહારના વિકાસની વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ૨૧મી સદીમાં દુનિયા બહુ આગળ વધી રહી છે. એક સમયે જે તાકાત માત્ર પશ્ચિમી દેશો પાસે હતી, જેમાં હવે પૂર્વના દેશોનો પણ દબદબો અને ભાગીદારી વધી રહી છે. જેમાં પૂર્વના દેશો વિકાસની નવી રફતાર પકડી રહ્યા છે. આગામી સમયમાં મુંબઈની જેમ મોતિહારીનું પણ નામ હશે. પૂણેની જેમ પટનામાં પણ ઔધોગિક વિકાસ થશે. સંથાલ પરગણાનો પણ સુરતની જેમ વિકાસ થાય, જલપાઈગુડી અને જાજપુરમાં જયપુરની જેમ પર્યટનના નવા રેકોર્ડ બને અને વીરભૂમના લોકો પણ બેંગ્લોરની જેમ પ્રગતિ કરે. પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસ અને આરજેડીની સરકાર હતી, ત્યારે યુપીએના ૧૦ વર્ષમાં બિહારને ફક્ત ૨ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા. કેન્દ્રમાં આપણી સરકાર આવ્યા બાદ મે બિહારથી બદલો લેનારી જૂની રાજનીતિને જ સમાપ્ત કરી નાખી. છેલ્લા ૧૦ વર્ષમાં દ્રઢ્ઢઈએ બિહારના વિકાસ માટે જે રકમ ફાળવી છે તે પહેલા કરતાં અનેકગણી વધુ છે. કોંગ્રેસ અને RJD ગરીબો, દલિતો, પછાત અને આદિવાસીઓના નામે રાજનીતિ કરતાં આવ્યા છે. પીએમ આવાસ યોજનાને લઈને વડાપ્રધાન મોદીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં પીએમ આવાસ યોજના હેઠળ દેશના ગરીબો માટે ૪ કરોડથી વધુ ઘર બનાવાયા. જેમાંથી આશરે ૬૦ લાખ ઘર માત્ર એકલા બિહારમાં બનાવામાં આવ્યા છે. એમાં પણ મોતિહારી જિલ્લામાં ૩ લાખથી વધુ ગરીબ પરિવારોને પાકા મકાનો મળ્યા છે. તેમણે કહ્યું કે, ચંપારણની ધરતી સાથેનો આપણા સંબંધો આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલો છે. રામ-જાનકી પથ, મોતિહારીના ૭૦ ઘાટ, કેસરિયા, ચકિયા, મધુબનથી પસાર થશે. સીતામઢીથી અયોધ્યા સુધી બની રહેલી નવી રેલવે લાઈન થકી ભક્તો ચંપારણથી અયોધ્યા દર્શન માટે જઈ શકશે.

### વિમાન દુર્ઘટના પર ખોટો અહેવાલ લખનારા અખબારને ટ્રમ્પની ફટકાર



**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ) તેની પેરેન્ટ કંપની ન્યૂઝકોર્પ અને તેના માલિક રુપર્ટ મર્ડોક પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. ટ્રમ્પે તેમના પર કેસ કરવાની ધમકી પણ આપી છે. બીજી તરફ તે જ વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ) એ ભારતમાં વિમાન દુર્ઘટના અંગે એક અહેવાલ આપ્યો હતો, જેના પછી ભારતમાં સખત ઠપકો આપવામાં આવ્યો હતો. એટલે કે, વોલ સ્ટ્રીટ જર્નલને ચારેબાજુથી ફટકાર પડી રહી છે. પહેલા, ચાલો જાણીએ કે ટ્રમ્પે અખબારના માલિકને શા માટે ઠપકો આપ્યો છે, એટલે કે, તેમણે પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. સમાચાર એજન્સી ANI માં પ્રકાશિત અહેવાલ મુજબ ટ્રમ્પ WSJ ના સમાચાર પર ગુસ્સે છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૦૩ માં જેફરી એપસ્ટેઈનના ૫૦મા જન્મદિવસ પર ટ્રમ્પે તેમને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં કથિત રીતે એક નગ્ન મહિલાનો ફોટો અને કેટલીક અશ્લીલ વસ્તુઓ હતી. ઉજીત્ન એ દાવો કર્યો હતો કે આ પત્રો એપસ્ટેઈનના સહયોગી ઘિસલીન મેક્સવેલ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા હતા. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું, મેં પોતે રુપર્ટ મર્ડોક અને ઉજીત્ન ના સંપાદક અમા ટકરને કહ્યું હતું કે આ પત્ર ખોટો છે.

### મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીનું નિવેદન

## હિન્દુ, બૌદ્ધ અને શીખ સિવાય તમામ અનુસૂચિત જાતિના પ્રમાણપત્ર રદ કરાશે

### સરકાર બળજબરીથી અથવા છેતરપિંડીથી ધર્માંતરણને રોકવા માટેના મામલાઓનો અભ્યાસ કરશે અને જરૂરી ફેરફારો કરશે અને આવી જોગવાઈઓ લાવશે

**। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।** મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે જો હિન્દુ, બૌદ્ધ અને શીખ ધર્મ સિવાયના કોઈપણ ધર્મના વ્યક્તિએ અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવ્યું હશે તો તે રદ કરવામાં આવશે. ફડણવીસે વિધાન પરિષદમાં કહ્યું કે જો કોઈ વ્યક્તિ કે જે હિન્દુ, બૌદ્ધ અને શીખ ધર્મ સિવાયના કોઈ અન્ય ધર્મની હશે અને તેણે અનુસૂચિત જાતિનું સર્ટિફિકેટ બનાવીને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ મેળવ્યો હશે તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે અને આ સાથે તેમણે એમ પણ કહ્યું કે



જો કોઈ વ્યક્તિ અનુસૂચિત જાતિના પ્રમાણપત્રનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી હશે તો તેની ચૂંટણી પણ રદ કરવામાં આવશે.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે રાજ્ય સરકાર બળજબરીથી અથવા છેતરપિંડીથી ધર્માંતરણ સંબંધિત કેસોનો સામનો કરવા માટે કડક જોગવાઈઓ લાવવાનું વિચારી રહી છે અને આ સંદર્ભમાં ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. ફડણવીસે વિધાન પરિષદમાં ધ્યાન દોરવાના પ્રસ્તાવનો જવાબ આપતા કહ્યું કે રાજ્ય સરકારે આવા કેસોનો સામનો કરવા માટે ભલામણો આપવા માટે પોલીસ મહાનિર્દેશકની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે અને તેણે તેનો અહેવાલ સુપરત કર્યો છે. સરકાર બળજબરીથી અથવા છેતરપિંડીથી ધર્માંતરણને રોકવા માટેના મામલાઓનો અભ્યાસ કરશે અને જરૂરી ફેરફારો કરશે અને આવી જોગવાઈઓ લાવશે.

### રવિન્દ્ર જાડેજાને ભારતીય ટીમમાં સ્પેશિયલ ટેગ આપવામાં આવ્યું

**। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૮ ।** રવિન્દ્ર જાડેજાએ એકલા હાથે પૂછડિયા ખેલાડીઓનો સાથ આપીને ભારતને લોર્ડ્સના ઐતિહાસિક મેદાનમાં જીત અપાવવાની કોશિશ કરી પરંતુ પનો જરાક ટૂંકો પડી ગયો હતો. જોકે, બાપુએ જે રીતે ભારતને જીત અપાવવા માટેના પ્રયાસ કર્યા તે પણ ગર્વની વાત રહી અને અંગ્રેજો બાપુને જીત્યા પછી સલામ કરવા લાગ્યા હતા. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાની પ્રશંસા કરી છે અને ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ટેસ્ટમાં તેના પ્રદર્શનને અવિશ્વસનીય ગણાવી છે. આવી રમત માટે જાડેજાને ટીમનો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર (MVP)નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

### પ. બંગાળમાં મોદીએ મમતા બેનર્જી પર સાધ્યું નિશાન

## TMC ની સરકાર જશે, ત્યારે આવશે સાચું પરિવર્તન : મોદી

**। (એજન્સી) કોલકાતા, તા.૧૮ ।** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે પશ્ચિમ બંગાળમાં એક રેલીને સંબોધિત કરી હતી અને રાજ્યના વિકાસમાં ટીએમસી સરકારને મોટો અવરોધ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે બંગાળ પરિવર્તન અને વિકાસ ઈચ્છે છે, પરંતુ રાજ્ય સરકાર વિકાસના માર્ગમાં દિવાલ બની ઉભી છે. પીએમ મોદીએ અહીં ૫,૪૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ ટીએમસી પર નિશાન સાધતા કહ્યું કે, ટીએમસી સરકાર બંગાળના વિકાસની સામે દિવાલની જેમ ઉભી છે. જે દિવસે આ દિવાલ તૂટી જશે, તે દિવસથી જ બંગાળ વિકાસની



ગતિ પકડી લેશે. તેમણે ફરી કહ્યું કે TMC સરકાર જશે, ત્યારે જ સાચું પરિવર્તન આવશે.

વડાપ્રધાન મોદીએ શ્રાવણ મહિનાની શુભકામનાઓ સાથે પોતાના ભાષણની શરૂઆત કરી અને કહ્યું કે આ પવિત્ર સમયમાં બંગાળના વિકાસ ઉત્સવનો ભાગ બનવું એ મારું સૌભાગ્ય છે. તેમણે કહ્યું કે આજે જે પરિયોજનાઓની શરુઆત થઈ છે, તે બંગાળને વર્તમાન ખરાબ તબક્કામાંથી બહાર કાઢવાનું પ્રતીક છે. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ માહિતી આપી હતી કે થોડા સમય પહેલા ૫,૪૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ભાજપે પશ્ચિમ બંગાળ માટે સમૃદ્ધ અને વિકસિત ભવિષ્યનું સ્વપ્ન જોયું છે, અને આ પ્રોજેક્ટ્સ તે સ્વપ્નને સાકાર કરવા તરફ એક મોટું પગલું છે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ બેરોજગારી અને સ્થળાંતર પર પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે એક સમયે લોકો રોજગાર માટે બંગાળ આવતા હતા, પરંતુ આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે વિપરીત થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, આજે પશ્ચિમ બંગાળના યુવાનો નાની નોકરીઓ માટે પણ અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરવા મજબૂર છે.

### આતિશીએ લગાવ્યો આરોપ

## વિસાવદરમાં જીત્યા એટલે AAP નેતાઓ વિરુદ્ધ ઈડીએ શરૂ કરી તપાસ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।** દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતાઓ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફરી એકવાર કાર્યવાહી શરૂ કરી છે. આપ સરકાર દરમિયાન ત્રણ કેસોમાં ભ્રષ્ટાચારના આરોપો પર કેસ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. આ કેસોને ધ્યાનમાં રાખીને, ED ટૂંક સમયમાં ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈનની પૂછપરછ શરૂ કરી શકે છે. દરમિયાન, આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ ફરી એકવાર કહ્યું છે કે આ તપાસ પાછળ ભાજપનો હાથ છે. આતિશી કહે છે કે ભાજપે ફરી એકવાર તપાસ એજન્સીઓનો દુરુપયોગ શરૂ કર્યો છે અને તેની પાછળ એક મોટું કારણ છે. આતિશીએ દાવો કર્યો કે ભાજપે આમ આદમી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ આ તપાસ એટલા માટે શરૂ કરી કારણ કે ગુજરાતના વિસાવદરમાં પેટાચૂંટણીમાં આપને શાનદાર જીત મળી અને આ જીત બાદ પાર્ટીની લોકપ્રિયતા ગુજરાતમાં ઝડપથી વધી રહી છે. તેમણે કહ્યું- ત્યાં ભાજપે આપને હરાવવા માટે તમામ તાકાત લગાવી દીધી.

### કેજરીવાલ-મમતા બેનરજીએ આપ્યો ઝટકો

## ચોમાસુ સત્ર શરૂ થતાં પહેલા જ I.N.D.I.A.માં તિરાડ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।** સંસદમાં ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે. એવામાં ચોમાસુ સત્રમાં મોદી સરકારને ઘેરવા માટે વિરોધ પક્ષોના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના સંગઠન પ્રભારી કેસી વેણુગોપાલે શનિવાર, ૧૯ જુલાઈના રોજ આ બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠકમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ), DMK, NCP (શરદ પવાર જૂથ), ડાબેરી પક્ષો, RJD, JMM અને IUML જેવા પક્ષો તેમાં ભાગ લેશે. પરંતુ TMC અને AAPએ ભાગ લેશે નહીં. આ બેઠક અગાઉ દિલ્હીમાં



કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને યોજાવાની હતી, પરંતુ કોંગ્રેસે વિપક્ષી નેતાઓ વ્યાપક પ્રમાણમાં ભાગ લે તેના માટે હવે આ બેઠક ઓનલાઈન કરી દેવામાં આવે છે. પરંતુ આ બેઠક પહેલા TMC અને AAP ભાગ ન લેતા ગઠબંધન તિરાડ પડી રહી હોય તેવા સંકેત મળી રહ્યા છે. આ બેઠક અંગે કોંગ્રેસના સંગઠન પ્રભારી સચિવ કેસી વેણુગોપાલે X પર પોસ્ટ કર્યું કે, દેશની વર્તમાન રાજકીય પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે શનિવાર, ૧૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સાંજે ૭ વાગ્યે ભારતીય પક્ષોના નેતાઓની એક ઓનલાઈન બેઠક થશે. TMCએ સત્તાવાર રીતે કહ્યું છે કે, ૧૯૯૩માં પશ્ચિમ બંગાળમાં ડાબેરી સરકાર દરમિયાન પોલીસ ગોળીબારમાં ૧૩ લોકોના મોત થયા હતા. તેમની યાદમાં ૨૧ જુલાઈએ કોલકાતામાં એક વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આથી નેતાઓ આ કાર્યક્રમની તૈયારીમાં વ્યસ્ત છે. પરંતુ પાર્ટીના આંતરિક સૂત્રો કહે છે કે તેનું વાસ્તવિક કારણ આવતા વર્ષે પશ્ચિમ બંગાળમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ છે.

### તમે કોઈએ મને મદદ ન કરી : રોડકિલ

## દિલ્હી બાદ બેંગલુરુમાં ૪૦ શાળાઓને બોમ્બની ધમકી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।** દિલ્હી બાદ હવે બેંગલુરુમાં શુક્રવારે (૧૮મી જુલાઈ) ૪૦ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ મળતાં ભારે ખડભડાટ મચી ગયો હતો. આ ઈમેલ મોકલનાર વ્યક્તિએ પોતાનું નામ રોડકિલ આપ્યું હતું અને ઈમેલમાં લખ્યું કે, શાળાઓમાં બ્લાસ્ટ બાદ હું આપઘાત કરીશ. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને શાળાઓ ખાલી કરાવી અને બોમ્બ સ્ક્વોડ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધર્યું. જો કે, કોઈપણ શાળામાં બોમ્બ મળ્યો નથી. પોલીસનું માનવું છે કે આ ધમકી ખોટી હતી, પરંતુ આ મામલાની તપાસ કરવામાં આવશે. બેંગગુરુ પોલીસના જણાવ્યાનુસાર, ઈમેલ મોકલનાર વ્યક્તિએ પોતાનું નામ roadkill333@atomicmail.io આપ્યું છે. આ ઈમેલમાં દોવો કરવામાં આવ્યો હતો કે, શાળાઓમાં ઘણાં બોમ્બ મૂક્યા છે. બાળકોના મૃત્યુ પછી હું મારો જીવ આપીશે. હું બધાને આ દુનિયામાંથી મિટાવી દઈશ. એક પણ જીવ બચશે નહીં. જ્યારે હું સમાચાર જોઉં છું અને માતા-પિતા બાળકોના મૃતદેહ જોવા શાળાએ આવશે.



### વિદ્યાર્થીઓનું ૪૮.૪૫%, વિદ્યાર્થિનીઓનું ૫૭.૦૬% પરિણામ આવ્યું

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું ૫૧.૫૮ ટકા પરિણામ જાહેર

## પરીક્ષા આપનારા 33 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પૈકી ૧૭ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પાસ થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

શિક્ષણ બોર્ડે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું ૫૧.૫૮ ટકા પરિણામ જાહેર કર્યું છે. ૩૩ હજાર કરતા વધુ વિદ્યાર્થીએ પૂરક પરીક્ષા આપી હતી. જે પૈકી ૧૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. પૂરક પરીક્ષામાં વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૮.૬૧ ટકા વધુ આવ્યું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું ગુરુવારે પરિણામ જાહેર કરાયું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં નાપાસ થયેલા ૪૦૮૬૫ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે નોંધાયા હતા. જે પૈકી ૩૩૭૩૧ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૧૭૩૯૭ વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું સમગ્ર રાજ્યનું ૫૧.૫૮ ટકા પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં ૨૪૬૬૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૨૧૪૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૧૦૪૧૫ વિદ્યાર્થી પાસ થયા હતા. આમ, વિદ્યાર્થીઓનું પૂરક પરીક્ષાનું પરિણામ ૪૮.૪૫ ટકા આવ્યું છે. જ્યારે ૧૬૨૦૦ વિદ્યાર્થિનીઓ પરીક્ષા માટે નોંધાઈ હતી. જેમાંથી ૧૨૨૩૬ વિદ્યાર્થિનીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહી હતી અને ૬૯૮૨ પાસ થઈ છે. આમ, વિદ્યાર્થિનીઓનું પરિણામ ૫૭.૦૬ ટકા આવ્યું છે. આમ, પૂરક પરીક્ષાના પરિણામમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૮.૬૧ ટકા વધુ આવ્યું છે. પ્રવાહ પ્રમાણે પરિણામ જોઈએ તો, સામાન્ય પ્રવાહનું ૫૧.૫૩ ટકા, વ્યવસાયલક્ષી પ્રવાહનું ૫૦ ટકા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનું ૬૩.૭૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે પૂરક પરીક્ષાનું નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૫૭.૦૮ ટકા, રિપીટર વિદ્યાર્થીઓનું ૩૩.૧૨ ટકા, નિયમિત વિદ્યાર્થીઓનું ૫૨.૫૧ ટકા અને GSOS રિપીટર વિદ્યાર્થીઓનું ૩૭.૮૩ ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા માટે નોંધાયેલા ૪૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૩૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ, મધ્યમાનું પરિણામ ૮૯.૪૭ ટકા આવ્યું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ પરિણામ સુધારવા માટે પાસ થયેલા ૧૭૭ જેટલા વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષામાં ઉમેદવારી નોંધાવી હતી. જોકે, પરીક્ષા દરમિયાન માત્ર ૮૪ વિદ્યાર્થીઓ જ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૬૬ વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો છે. જ્યારે ૧૮ વિદ્યાર્થીઓના પરિણામ યથાવત રહેવા પામ્યા હોવાનું જાણવા મળે છે. પરિણામમાં સુધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓમાં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૬૪ જેટલી છે. જ્યારે ૨ વિદ્યાર્થીઓ GSOSના નિયમિત વિદ્યાર્થીઓ છે.

### ગ્રામ્ય કોર્ટે આરોપીને પાંચ દિવસના રિમાન્ડ પર સોંપ્યો

# વિદેશના વિઝા બહાને ૧.૪૪ કરોડની ઠગાઇનો આરોપી બિહારથી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં યુવક પાસેથી ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના વિઝા આપવાના બહાને ૧.૪૪ કરોડ પડાવનાર આરોપીને પોલીસે બિહારથી ઝડપી લીધો છે. ત્યારબાદ આરોપીના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પછી તેને ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં ગ્રામ્ય કોર્ટે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. ૧.૪૪ કરોડની ઠગાઈ આચરવાના કેસમાં આરોપી વરુણ રવિન્દ્રપ્રસાદ કુમારને બિહાર ખાતેથી સેટેલાઈટ પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ ગ્રામ્ય કોર્ટમાં આરોપીને રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સરકારી વકીલ તુષાર બારોટે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આ મામલે હજુ ૧.૨૪ કરોડ રૂપિયા રિકવર કરવાના બાકી છે તે ક્યાં છે?, આરોપી પાસે ૨૯ વ્યક્તિઓની વિદેશ જવાની ફાઈલ ચાલતી હતી તે પૈકી કેટલા લોકો વિદેશ ગયા અને કેટલા સાથે ઠગાઈ આચરવામાં આવી?, આખુંય રેકેટ સુઆયોજીત રીતે ચાલતું હતું તો આરોપી સિવાય બીજું કોણ કોણ સંડોવાયેલું છે?, આરોપીએ બોગસ વિઝાના દસ્તાવેજ જાતે બનાવ્યા હતા કે કોઈ અન્ય વ્યક્તિ પાસે બનાવડાવ્યા હતા?, આરોપીએ આટલી મોટી રકમ મેળવ્યા બાદ તે રકમનો શું ઉપયોગ કર્યો હતો?, આરોપીના બેંકમાં કેટલી રકમ છે અને તેમાં શું શું વ્યવહાર થયા છે, આરોપીએ આ રીતે કેટલા લોકો સાથે ઠગાઈ આચરી છે સહિતના મુદ્દાની તપાસ માટે દસ દિવસના રિમાન્ડની જરૂર છે. જો કે, આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તપાસમાં સહકાર આપ્યો છે, જે જાણતા હતા તે જણાવી દીધું છે, પોલીસ જે મુદ્દે તપાસ કરવા રિમાન્ડ માગી રહી છે તેમાં આરોપીની હાજરીની કોઈ જ જરૂર નથી તેથી રિમાન્ડ ન આપવા જોઈએ.

## અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બિલાડીઓનો આતંક જોવા મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતની કેટલીક હોસ્પિટલમાં શ્વાન અને આખલાનો આતંક જોવા મળે છે. ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બિલાડીનો આતંક જોવા મળ્યો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલના વોર્ડમાં, લોબીમાં, રેડિયોલોજી વિભાગમાં બિલાડીઓએ ધામા નાખ્યા છે. વોર્ડમાં મેડિકલ વેસ્ટ લઈને આવતી બિલાડીઓથી દર્દીઓ પરેશાન થયા છે. બિલાડીના ઉધામાના અનેક દ્રશ્યો કેમેરામાં કેદ થયો છે. દર્દીઓની ખાવાની વસ્તુ બિલાડીઓ લઈ જતી હોવાની ફરિયાદ થઈ છે. અનેક ફરિયાદ છતાં સિવિલ તંત્ર નિંદ્રાધીન હોવાના આક્ષેપ કર્યો છે.

### DEOએ આપ્યા કાર્યવાહીના આદેશ

# RTE હેઠળ ખોટી આવક બતાવીને બાળકોના એડમિશન થયા હોવાનો ઘટસ્ફોટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ નકલી ડોક્યુમેન્ટ થકી ખાનગી શાળામાં એડમિશન મેળવતા હોવાની ઘટના સામે આવતી હોય છે. જેમાં ખોટા જાતિ અને આવકના દાખલા રજૂ કરાતા હોવાના કિસ્સા સામે આવતા હોય છે, ત્યારે RTE હેઠળ ખોટી આવક બતાવીને બાળકોના એડમિશન થયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ મામલે DEOએ યોગ્ય કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. મળતી માહિતી મુજબ, ખાનગી શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા મધ્યમ વર્ગના અને ઓછી આવક ધરાવતા પરિવારના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે RTE હેઠળ એડમિશન આપવામાં આવે છે. જેના માટે જરૂરી ડોક્યુમેન્ટ અને આવક મર્યાદાના ધ્યાને લેવામાં આવે છે, ત્યારે અમદાવાદની ખાનગી શાળામાં ૨૫ જેટલાં વાલીઓએ ખોટી આવક બતાવીને પોતાના બાળકોના એડમિશન મેળવ્યા હોવાને લઈને શાળાએ DEOને પૂરાવા રજૂ કર્યા હતા. સમગ્ર મામલે DEO ની કચેરી ખાતે ૨૫માંથી ૫ વાલીઓની સુનાવણી થઈ હતી. જેમાં પાંચેય વાલીઓની આવક રૂ.૬ લાખથી વધુ હોવાની જણાઈ હતી. આ પછી DEO એ વાલી સામે કાયદેસરની કાર્યવાહી કરવા શાળાને આદેશ કર્યા છે. તમને જણાવી દઈએ કે, ખાનગી શાળામાં પ્રવેશ મેળવવા માટે બાળકોના વાલીની આવકમાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર બંને માટે રૂ.૬ લાખની આવક મર્યાદા છે. જેમાં સૌથી ઓછી આવક ધરાવતા કુટુંબના બાળકોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવે છે.

## ખેરાલુમાં મનરેગા કૌભાંડ! કામ થયા વિના જ રૂપિયા ચૂકવવાનો આરોપ

। (એજન્સી) મહેસાણા, તા.૧૮ ।

મહેસાણાના ખેરાલુમાં મનરેગા કૌભાંડના આરોપો લાગ્યા છે. માટીકામ અને અન્ય કામોમાં અનિયમિતતાઓ આચરવામાં આવી હોય તેવા આરોપો લગાવામાં આવ્યા છે. કોઈ પણ કામ કર્યા વિના પૈસા ચૂકવવામાં આવ્યા હોવાનું પણ કહેવાય રહ્યું છે. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે મહેસાણાના ચાચરિયા ગામમાં મનરેગાના કામમાં કૌભાંડ થયાનો આરોપ લગાવતી લોકપાલને ફરિયાદ કરવામાં આવી છે અને તપાસની માંગ કરવામાં આવી છે. ચાચરિયાના ડેરી મંત્રી જસવંત ચૌધરીએ આ આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે માટીકામ અને અન્ય કામોમાં અનિયમિતતાઓ આચરવામાં આવી છે અને કોઈ પણ કામ કર્યા વિના પૈસા ચૂકવવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે તાલુકા વિકાસ અધિકારીનું નિવેદન બહાર આવ્યું છે. તેમણે કહ્યું છે કે આ કામ ૨૦૨૦-૨૧ ના સમયગાળામાં કરવામાં આવ્યું હતું. આ કામની સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે અને તલાટીના રિપોર્ટ પછી પૈસા ચૂકવવામાં આવ્યા છે. આ રિપોર્ટ જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કરવામાં આવ્યો છે. આ કામોની તપાસ લોકપાલ દ્વારા કરવામાં આવી છે અને અમે આ બાબતની તપાસ પણ કરાવી છે. આ તપાસમાં જાણવા મળ્યું છે કે કામ યોગ્ય રીતે પૂર્ણ થયું છે.

## બિહારથી મુંબઈ જતી ટ્રેનમાંથી ૧૬ સગીર સહિત ૪૧ લોકોનું કરાયુ રેસ્ક્યું

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

ગુજરાતમાં ફરી એક વાર બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત હોય કે અન્ય રાજ્યોમાં પણ કેટલીક વાર આરોપીઓ બાળકો પાસે ભિક્ષાવૃત્તિ કે મજૂરી કરવા મજબૂર કરતા હોય છે. ત્યારે વડોદરામાંથી બાળ તસ્કરીનો પર્દાફાશ કર્યો છે. વડોદરામાં રેલવે પોલીસે આ સમગ્ર ઘટનામાં મોટી કાર્યવાહી હાથ ધરી છે. બિહારથી મુંબઈ જતી ટ્રેનમાંથી ૧૬ સગીર સહિત ૪૧ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. બાતમીના આધારે વડોદરા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી અને ૧૬ સગીર સહિત ૪૧ લોકોનું રેસ્ક્યું કર્યું છે. રેસ્ક્યૂ કરાયેલા બાળકોને બાળ રિમાન્ડ હોમ મોકલાયા છે. બાળકોને મજૂરી માટે સુરત, મુંબઈ મોકલતા હોવાનો પર્દાફાશ થયો છે.

## દહેગામના કડાદરામાં જીઆઇડીસીથી ઝાક ગામને જોડતા બિસ્માર રસ્તાથી લોકોને હાલાકી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગરમાં સામાન્ય વરસાદથી જ અનેક વિસ્તારોમાં પાણી ભરાયાની સમસ્યા જોવા મળી હતી. વરસાદી પાણી ભરાવાના કારણે રસ્તાઓ બિસ્માર થયા. દહેગામમાં કડાદરા જીઆઈડીસીથી ઝાક ગામને જોડતો ક્ષતિગ્રસ્ત થતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઝાક ગામના લોકોએ રોડને ડાન્સિંગ રોડ નામ આપ્યું છે. કારણ કે આ રોડ પરથી પસાર થતા વાહનચાલકો ઉ, આ, ઈ.... જેવા ઉચ્ચાર કરતાં ડાન્સ કરતા પસાર થાય છે.

દહેગામ તાલુકાના કડાદરા થી જાક ગામ તરફ જતો બેથી અઢી કિલોમીટર લાંબા અંતરના માર્ગ પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે અનેક જગ્યાએ ગાબડા જોવા મળી રહ્યા છે. રોડ તૂટી ગયો હોવાની અનેક ફરિયાદો ગ્રામજનો દ્વારા ઉઠી રહી છે. જીઆઈડીસીના કારણે અસંખ્ય વાહન ચાલકો પસાર થતા હોવાથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડ બનાવવા માટે સરપંચ તથા ગ્રામજનો દ્વારા તંત્ર અનેક રજૂઆતો કરવામાં આવી છે. સ્થાનિકોની ફરિયાદો સામે તંત્રના આંખ આડા કાન જોવા મળ્યા. ચોમાસાની સ્થિતિમાં પાણી ભરાઈ જાય ત્યારે રોડ પરથી પસાર થવું ખૂબ જ અઘરું હોવાનું ગ્રામજનોમાં બૂમો ઊઠી રહી છે.

કડાદરા જીઆઈડીસી થી જાક તરફ જતા આ માર્ગને ડાન્સિંગ રોડ તરીકે ગ્રામજનો ઓળખવા લાગી ગયા છે કેમકે ગણ્યા ગણાય નહીં એટલા ખાડા હોવાને કારણે વાહનચાલકો ડાન્સિંગ કરતા હોય એવો માહોલ જોવા મળતો હોય છે. ગ્રામજનોનું કહેવું છે કે બિસ્માર રોડના કારણે ધંધા રોજગાર અર્થે તેમજ શાળાએ જતા બાળકોએ હાલાકીનો સામનો કરવો પડે છે. એટલે આ ક્ષતિગ્રસ્ત રોડની તાત્કાલિક અસરથી કામ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી રહી છે.

### ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન જુગારના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો

# વલસાડમાં ઓનલાઈન જુગારનો મોટો પર્દાફાશ, ૨૧ આરોપીઓ ઝડપાયા

## તેમની પાસેથી કુલ રૂ. ૬,૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે

। (એજન્સી) વલસાડ,તા.૧૮ ।

વલસાડ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન જુગારના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. વલસાડ એલસીબી સ્ટાફે બાતમીના આધારે કાર્યવાહી કરતા બલીઠા, કોળીવાડ, ડુંગર ફળિયા, નવી નગરી સામે આવેલી એક બિલ્ડિંગના ત્રીજા માળેથી ઓનલાઈન જુગાર રમતા ૨૧ આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી કુલ રૂ. ૬,૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વલસાડ એલસીબીના પીએસઆઈ જે.જી. પરમાર અને એલસીબી સ્ટાફના પોલીસકર્મીઓ વલસાડ જિલ્લા હદ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન એલસીબી વલસાડના પોલીસ કોન્સ્ટેબલ તેજપાલસિંહ મહેન્દ્રસિંહ સિસોદીયા અને હિતેષ હમલભાઈ ચાવડાને સંયુક્ત બાતમી મળી હતી. આ બાતમીના આધારે વાપીના નવી નગરી સામે, અશોકભાઈ નમુભાઈની ચાલીના ત્રીજા માળે આવેલા એક રૂમમાં દરોડો પાડવામાં આવ્યા હતા. અહીં આરોપીઓ ઓનલાઈન વેબસાઈટ-એપ્લિકેશનો પર અલગ અલગ ઓનલાઈન રમતો દ્વારા ગ્રાહકોને ઓનલાઈન જુગાર રમાડી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી જુગાર માટે ઉપયોગમાં લેવાયેલ કોમ્પ્યુટરો, લેપટોપ, મોબાઈલ ફોન, એટીએમ કાર્ડ, પાસબુક, ખુરશી, ડી.વી.આર., સી.સી.ટી.વી. કેમેરા, સ્માર્ટ ટી.વી. અને વાઈફાઈ રાઉટર સહિતનો રૂ. ૬,૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન વોન્ટેડ આરોપીઓ ધીરલ અશોકભાઈ પટેલ અને અશોકભાઈ નમુભાઈ પટેલ (બંને રહે. બલીઠા, કોળીવાડ, તા. વાપી જી.વલસાડ) ના નામ સામે આવ્યા છે. આ બંને આરોપીઓ અન્ય પકડાયેલા આરોપીઓને માસિક પગારે નોકરી પર રાખી, રહેવા-જમવાની અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડી પોતાની માલિકીની ત્રણ માળની બિલ્ડીંગના ત્રીજા માળે આ જુગારધામ ચલાવી રહ્યા હતા. આરોપી અભિષેક યાદવ મેનેજર તરીકે કામ કરતો અને બધાની દેખરેખ રાખતો હતો. અભિષેક યાદવ અને ધીરલ પટેલ મોબાઈલ ફોન અને બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને આ ઓનલાઈન જુગાર ચલાવતા હતા.

## મહેસાણાથી આઠ ટેન્કર ભરી સાબર ડેરીમાં દૂધ લવાયું

। (એજન્સી) મહેસાણા, તા.૧૮ ।

સાબર ડેરીમાં ભાવ ફેર મુદ્દે પશુપાલકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં પોલીસે લાઠીચાર્જ કરીને ટીયર ગેસના ૫૦ સેલ છોડ્યા હતાં. ત્યાર બાદ ૪૬ લોકોની અટકાયત કરીને ૭૪ લોકો સામે ફરિયાદ નોંધી હતી. શુપાલકોના આ આંદોલનથી સાબર ડેરીમાં દૂધની આવક પર અસર થવા પામી છે. ડેરીમા બટર, પનીર, દૂધ પાવડર, શિખંડના પ્લાન્ટ બંધ થયા છે. દૂધની અછતને લઈને વિતરણ વ્યવસ્થા પર અસર થઈ છે. આવનાર દિવસોમાં સ્થિતિ વિકટ બને તેવી સ્થિતિ છે. આ દરમિયાન એક વીડિયો વાયરલ થયો છે. જેમાં મહેસાણાથી ૮ ટેન્કર ભરીને દૂધ લાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સાબર ડેરીમાં મહેસાણાથી પોલીસ પ્રોટેક્શન સાથે આઠ ટેન્કર ભરીને દૂધ લવાયું હોવાનો એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોને લઈને સાબર ડેરી દ્વારા અરવલ્લી પોલીસમાં રજૂઆત કરવામાં આવી છે. આ અંગે સાબર ડેરીના ચેરમેન સુભાષ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, મહેસાણાથી દૂધ લવાયાની વાત પાયા વિહોણી છે. ખોટી માહિતી આપનાર સામે કાર્યવાહી થશે.

**વિશેષ** — કુદરતી ખોરાક, ખેતી અને ક્રિકેટના શોખીન ભરતની એથલેટિક તરીકેની રોમાંચક અને પ્રેરણાદાયી સફર

# પરંપરાગત રમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધારતા આદિવાસી સમાજના ભરત રાઠવા પરંપરાગત જીવનશૈલીને અપનાવતા ભરતે ભાલાફેંક રમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત અને છોટાઉદેપુરનું નામ રોશન કર્યું

। (માહિતી) છોટાઉદેપુર ।

આદિવાસી યુવાનો અને યુવતીઓ શારીરિક રીતે ખડતલ અને મજબૂત હોવા સાથે પરંપરાગત રમતો જેવી કે દોડ, તિરંદાજી, કબડ્ડી, ખો-ખો, ગોળાફેંક અને ભાલાફેંકમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની ક્ષમતા ધરાવે છે. છોટાઉદેપુર તાલુકાના વનાર ગામના ખેડૂતપુત્ર ભરત રાઠવાએ પરંપરાગત ભાલાફેંક રમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત અને છોટાઉદેપુરનું નામ રોશન કર્યું છે.







બચપનથી જ ભરતને ક્રિકેટનો શોખ હતો અને તેમણે બરોડા હિન્દુ જીમખાના ખાતે અંડર-૧૯ માટે પ્રેક્ટિસ શરૂ કરી હતી. પરંતુ કોરોનાની ગંભીર મહામારીના કારણે તેમની પસંદગી થઈ ન શકી. અભ્યાસ દરમિયાન ડોન બોસ્કો શાળામાં યોજાતા સ્પોર્ટ્સ ડેમાં તેઓ સતત ભાલાફેંકમાં મેડલ હાંસલ કરતાં હતા. ભરતભાઈની સફળતાની યાત્રા વર્ષ ૨૦૨૧ થી જ થઈ હતી. જ્યાં હિંમતનગર ખાતે યોજાયેલી એથલેટિક ચેમ્પિયનશીપમાં ભાલાફેંક સ્પર્ધામાં પ્રથમ પ્રયત્ને તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. આ સફળતાએ તેમને વધુ ઉત્સાહ આપ્યો અને તે જ વર્ષે રાજકોટમાં યોજાયેલી એથલેટિક ચેમ્પિયનશીપમાં તેમણે સિલ્વર મેડલ જીત્ય હતો. ત્યારબાદ વર્ષ ૨૦૨૨ માં મોરબી ખાતે ઓપન નેશનલ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો. અને આમ, ભરત સતત સંઘર્ષથી સફળતાના માર્ગે અગ્રેસર બન્યો. ભરતભાઈને ધ એસોસિએશન ફોર ટ્રેડિશનલ યુથ ગેમ્સ એન્ડ સ્પોર્ટ્સ ઈન્ડિયામાં પસંદગી મળી. ૨૦૨૨ માં નેપાળના પોખરામાં યોજાયેલી ઓપન ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપમાં તેમણે ભાલાફેકમાં ગોલ્ડ મેડલ જીત્યો તેમજ વર્ષ ૨૦૨૩ માં ગુજરાત સ્ટેટ એથલેટિક એસોસિએશન દ્વારા આયોજિત બીજા નેશનલ ભાલાફેક ડે માં પણ તેમણે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. બાઈક અકસ્માતમાં તેમના જમણા હાથમાં ઈજા થઈ હાથમાં પ્લેટ ફિટ કરવામાં આવી આ પરિસ્થિમાં પણ આ રમતવીરને મકકમ મનોબળ સાથે રમતની પ્રેકટીસ ચાલુ રાખી અને વર્ષ ૨૦૨૫માં ફરી એકવાર પોખરા, નેપાળ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ ગેમ્સમાં તેમણે ૭૦.૨૫ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. માતા-પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ તેઓ મોટા ભાઈ-ભાભી તથા બહેન-બનેવી સાથે રહે છે. રમતની પ્રેક્ટિસ બાદ તેઓ પોતાના ભાઈને ખેતીકામમાં મદદરૂપ થાય છે. નોંધનીય છે કે, ભરતભાઈને ખેતીકામની સાથે ટ્રેકટર ચલાવવું ખૂબ ગમે છે. આજના રમતવીરો જે વિવિધ પ્રોટીન શેક દ્વારા પોતાની શક્તિ વધારવાનો પ્રયાસ કરે છે, ત્યાં ભરતભાઈ પોતાના ખેતરમાં ઉગાડેલી દાળોને મિક્ષ કરીને ભોજનરૂપે લેવાનું પસંદ કરે છે. નોંધનીય છે કે, ભરતનો આગામી લક્ષ્યાંક વર્લ્ડ એથલેટિક ચેમ્પિયનશીપ ટોક્યો, ૨૦૨૫ છે. પોતાના લક્ષ્ય સુધી પહોંચવા તેમણે પોતાની મનપસંદ બુલેટ વેચી તે પૈસાથી હાલમાં પટીયાલામાં કોચ સમરજીત મલિકના માર્ગદર્શન હેઠળ ટોક્યો ખાતે તા. ૨૧-૦૯-૨૦૨૫ ના રોજ યોજાનારી વર્લ્ડ એથલેટિક ચેમ્પિયનશીપ માટે તૈયારી કરે છે. આ માટે તેઓ તા.૨૭-૦૭-૨૫ના રોજ બિહાર ખાતે યોજાનારી મિડ નેશનલ માટે સિલેક્શનની તૈયારી કરી રહ્યા છે. ભવિષ્યમાં ભારત અને ગુજરાતના ગૌરવ માટે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સફળતા હાંસલ કરે તે માટે છોટા ઉદેપુર જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈન તેમજ સમગ્ર વહીવટી તંત્ર તેઓને શુભેચ્છાઓ પાઠવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સંગમ નજીક ચોમાસા દરમિયાન ગંગા નદીના પૂરના કારણે નજીકના વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે જેના કારણે બડે હનુમાન મંદિર આંશિક રીતે ડૂબી ગયું.

### ધોધમાર વરસાદની આગાહી

# રાજસ્થાન સહિત ૪ રાજ્યોમાં ભારે વરસાદને લઈ રેડ એલર્ટ

## ભારતીય હવામાન વિભાગે રાજસ્થાન, કર્ણાટક, કેરળના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**

દેશભરમાં વરસાદ વરસી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે રાજસ્થાન, કર્ણાટક, કેરળના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. જ્યારે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દેશના અનેક રાજ્યોમાં ઘણી જગ્યાએ પૂરની સ્થિતિ છે. પહાડોમાં ભૂસ્ખલન થઈ રહ્યું છે. ગઈકાલે રાત્રે દિલ્હીમાં પણ ભારે વરસાદ પડ્યો હતો. યુપી અને બિહારમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે અને ઘણા શહેરોમાં પાણી લોકોને મુશ્કેલીમાં મૂકી રહ્યું છે. પ્રયાગરાજ અને વારાણસીમાં ગંગાનું પાણીનું સ્તર વધી રહ્યું છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યા છે, તેથી બિહારમાં ઘણા શહેરો છે જ્યાં વરસાદ પછી પૂર જેવી સ્થિતિ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુરુવારે હિમાચલમાં ભારે વરસાદ પડ્યો હતો. તેના કારણે સિરમૌરમાં NH707 પર ભૂસ્ખલન થયું હતું. હવામાન વિભાગે હિમાચલના ૯ જિલ્લાઓમાં અચાનક પૂરની આગાહી કરી છે. ૨૦ જૂનથી રાજ્યને ૧૨૨૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. NH સહિત ૧૭૦ રસ્તાઓ બંધ છે. હવામાન વિભાગે આજે એટલે કે ૧૮ જુલાઈના રોજ કેરળ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. કેરળમાં થોડા દિવસોથી વરસાદ ચાલુ છે. IMD એ આજે કન્નુર, વાયનાડ અને કાસરગોડ જિલ્લામાં રેડ એલર્ટ જારી કર્યું છે. ઈડુક્કી, મલપ્પુરમ અને કોઝિકોડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કન્નુર, વાયનાડ અને કાસરગોડમાં આજે તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. જમ્મુ અને કાશ્મીરમાં પણ ભારે વરસાદ ચાલુ છે. જમ્મુ અને કાશ્મીરમાં સતત વરસાદને કારણે બુધવારે અમરનાથ યાત્રા રૂટ પર ભૂસ્ખલન થયું હતું. ગાંદરબલમાં બાલતાલ રૂટ પર ભૂસ્ખલનમાં એક મહિલા યાત્રાળુનું મોત થયું હતું.

# મિસ ગોલ્ફની જાળમાં ફસાયા બૌદ્ધ ભિક્ષુઓ

**। (એજન્સી) થાઈલેન્ડ, તા.૧૮ ।**

થાઈલેન્ડમાં ૩૫ વર્ષીય મહિલાએ સૌથી મોટું કૌભાંડ આચર્યું છે, જેણે દેશની આસ્થાના પાયા ડગમગાવી નાખ્યા છે. મહિલાએ પહેલા બૌદ્ધ સાધુઓને પ્રેમજાળામાં ફસાવીને વાંધાજનક ફોટો અને વીડિયો બનાવ્યા પછી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. તેણે માત્ર નવ બૌદ્ધ ભિક્ષુઓ પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ પડાવી લીધી હતી. અહેવાલો અનુસાર, થાઈ પોલીસે આ મહિલાને પકડી લીધી છે. તેનું નામ મિસ ગોલ્ફ છે. તપાસ દરમિયાન પોલીસે મહિલાના ઘરમાંથી ૮૦૦૦૦થી વધુ ફોટો અને વીડિયો મળ્યા છે. મહિલા ફોટો અને વીડિયોના આધારે બૌદ્ધ ભિક્ષુઓને બ્લેકમેલ કરીને પૈસા પડાવતી હતી. અત્યાર સુધીની તપાસમાં પોલીસને નવ બૌદ્ધ ભિક્ષુઓ મળ્યા છે જે મિસ ગોલ્ફની જાળમાં ફસાયા હતા. જોકે, આ બૌદ્ધ ભિક્ષુઓ સંખ્યા વધુ પણ હોઈ શકે છે. મિસ ગોલ્ફ ઘણાં સમયથી બૌદ્ધ ભિક્ષુઓને બ્લેકમેઈલ કરી રહી હતી. કારણ કે, બૌદ્ધ ભિક્ષુઓ બ્રહ્મચર્યનું પાલન કરતા હોય છે અને આ નબળાઈનો લાભ લઈને મિસ ગોલ્ફ ભિક્ષુઓને પ્રેમજાળમાં ફસાવતી હતી. જૂન મહિનામાં પોલીસને અહેવાલ મળ્યા કે બેંગકોકના એક બૌદ્ધ ભિક્ષુએ અચાનક ભિક્ષુનું જીવન છોડી દેવાનો નિર્ણય લીધો છે. આ અહેવાલ ચોતરફ ફેલાઈ ગયા હતા. જ્યારે પોલીસે આ મામલે તપાસ કરી તો સામે આવ્યું કે, આ બૌદ્ધ ભિક્ષુ બ્લેકમેઈલિંગનો શિકાર બન્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, વર્ષ ૨૦૨૪ના મે મહિનામાં મિસ ગોલ્ફે આ બૌદ્ધ ભિક્ષુ સાથે સંબંધ બાંધ્યા હતા અને બાદમાં તેમણે દાવો કર્યો હતો કે, માતા બનવાની છે અને બાળકની સંભાળ માટે બૌદ્ધ ભિક્ષુ પાસે ૭૦ લાખ થાઈ બાહ્ત (લગભગ ૧૮.૫૨ કરોડ રૂપિયા)ની માંગણી કરી હતી.

# પૈસાવાળો હોવાનો ડોળ કરીને મોટા મોટા ઉદ્યોગપતિઓને બાટલીમાં ઉતાર્યા

**। (એજન્સી) મેંગલુરુ, તા.૧૮ ।**

કર્ણાટકના મેંગલુરુમાં એક ૪૫ વર્ષના વ્યક્તિએ ઘણા વેપારીઓ અને ઉદ્યોગપતિઓને છેતર્યા છે. આવી છેતરપિંડી કરવા માટે તેણે સંપત્તિથી વિશ્વાસ જીત્યો, કાયદેસરની પ્રક્રિયાઓ પૂર્ણ કરી અને બાદમાં તે કરોડો ભેગા કરીને અચાનક ગાયબ થઈ ગયો હતો. ત્યારે મેંગલુરુ પોલીસે તેના બંગલે રેડ પાડતાં તેના બધા જ સિક્રેટ ઠેકાણાંનો પર્દાફાશ થયો હતો. આ ઓપરેશનમાં પોલીસે રોહન સલદાન્હાની ધરપકડ કરી છે, જેને ઘણા વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ખૂબ જ ઓછા વ્યાજે મોટી લોનની લાલચ આપીને કરોડોનું કૌભાંડ કર્યું હતું. સલદાન્હા પોતાની એક હાઈ લેવલ ફાઈનાન્સસર તરીકે ઓળખ આપતોહતોઅનેમેન્ગલુરુનાજપ્પીનામોગારુસ્થિત પોતાના બંગલાનો ઉપયોગ તાકાત, સફળતા અને વિશ્વાસનો ભ્રમ પેદા કરવા માટે કરતો હતો. રોહનના નિશાને જિલ્લા અને રાજ્યના ધનિકો અને એન્ટરપ્રિન્યોર્સ હતા. સલદાન્હા સંભવિત ગ્રાહકોને પોતાના બંગલા અને ઓફિસમાં આમંત્રિત કરતો હતો. સંભવિત ગ્રાહકને તેના પર વિશ્વાસ થઈ જાય ત્યારબાદ તે ૧૦૦ કરોડ કે તેથી વધુની લોનની વ્યવસ્થા કરવાની ઓફર આપતો હતો. આ બિઝનેસ અસલી લાગે તે માટે તે એક ડગલું આગળ વધીને તે જે-તે વિસ્તારના એક પ્રખ્યાત વકીલના નામથી એક નકલી વકીલ સામે લાવતો હતો અને લોકોને દસ્તાવેજોના વેરિફિકેશન અને અન્ય કાયદેસરની ફોર્માલિટી પૂરી કરવા માટે તે વકીલ સાથે વાત કરાવતો હતો. ત્યારબાદ તે લોકો પાસેથી રજીસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટી માટે પૈસા માંગતો હતો. આ રકમ કરોડોમાં રહેતી હતી અને કેટલાક કેસમાં તો તેણે ૧૦ કરોડ રૂપિયા જેટલી રકમ પણ પડાવી લીધી હતી. પૈસા વસૂલ્યા બાદ સલદાન્હા કોઈપણ પુરાવા છોડ્યા વિના જ ગાયબ થઈ જતો હતો, ત્યારબાદ તેના શિકારને જાણ થતી કે તેને છેતરવામાં આવ્યો છે.

### સુપ્રીમ કોર્ટનો સ્ટે આપવા ઇનકાર

# જમીનના બદલામાં નોકરી કૌભાંડ મામલે લાલુ યાદવને મોટો ઝટકો

## સુપ્રીમ કોર્ટે લાલુ યાદવને નીચલી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેવાથી મુક્તિ આપીને થોડી રાહત પણ આપી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**



જમીનના બદલામાં નોકરી કૌભાંડ કેસમાં શુક્રવારે સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે આરજેડીના વડા સામે નીચલી કોર્ટની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે અને દિલ્હી હાઈકોર્ટને કેસની સુનાવણી ઝડપી બનાવવાનો નિર્દેશ પણ આપ્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે લાલુ પ્રસાદ યાદવને નીચલી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેવાથી મુક્તિ આપીને થોડી રાહત પણ આપી છે.

જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ એન કોટેશ્વર સિંહની બેન્ચે લાલુ યાદવના જમીનના બદલામાં નોકરી કૌભાંડ કેસમાં દાખલ કરેલી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. લાલુ યાદવે દિલ્હી હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં દિલ્હી હાઈકોર્ટે જમીનના બદલામાં નોકરી કૌભાંડ કેસની ટ્રાયલ પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, કાર્યવાહી રોકવાનું કોઈ નક્કર કારણ નથી તેમજ હાઈકોર્ટે સીબીઆઈને નોટિસ આપી હતી અને સુનાવણી ૧૨ ઓગસ્ટ સુધી મુલતવી રાખી હતી. આથી આરજેડી વડા ગઈકાલે રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. આ અંગે ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે આ મામલે સ્ટે ન આપવાનું કહીને અપીલ ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, મુખ્ય કેસનો નિર્ણય થવા દો. જ્યારે હાઈકોર્ટ પહેલાથી જ આ મામલાની સુનાવણી કરી રહી છે, ત્યારે સુપ્રીમ કોર્ટને તેમાં દખલ કરવાની કોઈ જરૂર નથી. લાલુ પ્રસાદ યાદવે પોતાની અરજીમાં CBIની FIR અને ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં દાખલ કરાયેલા ત્રણ ચાર્જશીટ અને કોગ્નિઝન્સ ઓર્ડર રદ કરવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ રિપોર્ટ ૧૪ વર્ષના વિલંબ પછી ૨૦૨૨માં દાખલ કરવામાં આવ્યો છે. એવામાં પહેલાની તપાસ અને તેનો ક્લોઝર રિપોર્ટ છુપાવીને નવી તપાસ શરૂ કરવી એ કાયદાકીય પ્રક્રિયાનો દુરૂપયોગ છે. ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે લાલુ પ્રસાદ યાદવ વર્ષ ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાન રેલવે મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો, ત્યારે તેમણે સૌથી નીચલા સ્તરની નોકરીઓ આપવાના નામે મોટું કૌભાંડ કર્યું હતું. જેમાં લાલુ પ્રસાદ યાદવે રેલવેમાં નોકરી આપવાના નામે પોતાના પરિવારના સભ્યોના નામે જમીન અને મિલકત ટ્રાન્સફર કરાવી હતી. તેમજ જમીનના બદલામાં, મુંબઈ, જબલપુર, કોલકાતા, જયપુર અને હાજીપુરના રેલવે ઝોનમાં નોકરીઓ આપવામાં આવી હતી. એજન્સીએ આ કેસમાં ૩૦ સરકારી અધિકારીઓ સહિત ૭૮ લોકોના નામ આપ્યા છે. CBIએ મે ૨૦૨૨ માં લાલુ પ્રસાદ યાદવ, તેમના પુત્રો, પુત્રીઓ અને પત્ની રાબડી દેવી સામે કેસ નોંધ્યો હતો.

### ઈઝરાયેલી પાર્ટનરે કર્યા એવા એવા ખુલાસા

# ગુફામાંથી મળી આવેલી રશિયન મહિલાનો ૮ વર્ષ ચાલ્યો હતો રોમાન્સ

**। (એજન્સી) બેંગલુરુ, તા.૧૮ ।**

પોતાની બે માસૂમ પુત્રીઓ સાથે કર્ણાટકની ગુફામાંથી મળી આવેલી રશિયન મહિલા વિશે અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. એક ઈઝરાયેલી પુરુષ સાથે શરૂ થયેલી પ્રેમ કહાની હવે કસ્ટડી વિવાદ અને કાનૂન ઘર્ષણમાં ફેરવાઈ ગઈ છે. ગોવા પોલીસે નોંધેલી ફરિયાદ મુજબ આ મામલો બે સગીર બાળકીઓની દેખરેખ, શિક્ષણ અને ભવિષ્ય સાથે જોડાયેલો છે. જે હાલમાં જ કર્ણાટકના ગોકર્ણા પાસે રમાટીર્થાની પહાડીઓમાં આવેલી એક ગુફામાંથી મળી આવ્યા હતા.

નીના કુટિનાની ઉંમર ૪૦ વર્ષ છે. જ્યારે ઈઝરાયેલના રહીશ ડ્રોર ગોલ્ડસ્ટીન ૩૮ વર્ષના છે. બંનેની મુલાકાત ૨૦૧૭માં ગોવાના અરોમ્બોલ બીચ પર થઈ હતી. ગોલ્ડસ્ટીને પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તે બંને પ્રેમમાં પડ્યા અને સાથે રહેવા લાગ્યા હતા. બંનેનો રોમાન્સ લગભગ આઠ વર્ષ ચાલ્યો. ગોલ્ડસ્ટીને દાવો કર્યો કે નીના તેને ભાવનાત્મક રીતે પરેશાન કરતી હતી અને પૈસાની માંગણી કરતી હતી. જ્યારે બંને ઈઝરાયેલ જવાની યોજના ઘડી રહ્યા હતા ત્યારે દસ્તાવેજી સમસ્યાઓના કારણે નીનાને રશિયા ડિપોર્ટ કરી દેવાઈ. નીનાએ જૂન ૨૦૧૮માં ઈમેઈલ દ્વારા જણાવ્યું કે તે ગર્ભવતી છે. ૨૦૧૯માં પહેલી પુત્રીનો જન્મ યુક્રેનમાં થયો હતો. જ્યારે બીજી દીકરીનો જન્મ ૨૦૨૦માં ગોવામાં થયો હતો.

ડ્રોરનો આરોપ છે કે નીના બંને દીકરીઓને શાળાએ મોકલતી નહ તી અને કોઈ પણ ઔપચારિક શિક્ષણમાં વિશ્વાસ નહતી ધરાવતી. તેમણે દાવો કર્યો કે જ્યારે પણ તે પુત્રીઓને મળવા માટે ભારત આવતા હતા ત્યારે નીના તેમનાથી અંતર જાળવીને અચાનક ગાયબ થઈ જતી હતી. અત્રે જણાવવાનું કે નીના અને તેની બે દીકરીઓ ગોકર્ણાની રમાટીર્થા પહાડીઓમાં એક ગુફામાંથી મળી આવ્યા હતા. ત્યાં ન તો વીજળી હતી કે ન મોબાઈલ નેટવર્ક, બંને બાળકીઓને અન્ય બાળકો સાથે હળવા મળવાની પણ મંજૂરી નહતી. ડ્રોરે હવે બાળકોની કસ્ટડીની માંગણી કરી છે અને આગ્રહ કર્યો કે બાળકીઓને પાછી રશિયા ન મોકલવામાં આવે. ડ્રોરે પોતાની ફરિયાદમાં કહ્યું કે નીના મને દીકરીઓને મળવા દેતી નહતી અને તેમને તેમનાથી દૂર રાખવાની કોશિશ કરતી હતી. ડ્રોરે કહ્યું કે હું બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિ અંગે ચિંતિત છું.

### પરીક્ષામાં ટોઈલેટ જવાની મનાઈ

# મમતા સરકારની હાયર સેકન્ડરી એજ્યુકેશન કાઉન્સિલના નિર્ણયે વિવાદ છંછેડ્યો

**। (એજન્સી) કોલકાતા, તા.૧૮ ।**

કોલકાતામાં આ વર્ષે પશ્ચિમ બંગાળની ઉચ્ચતર માધ્યમિક (હાયર સેકન્ડરી) પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે નવા નિયમ લાગુ કરવામાં આવ્યા છે. જેમાં ૨૩ પાનાની ગાઈડલાઈન જાહેર કરાઈ છે. આ ગાઈડલાઈનમાં સૌથી મોટો બદલાવ રહેશે કે, પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીને ટોઈલેટ જવાની પણ મંજૂરી આપવામાં નહીં આવે. જણાવી દઈએ કે, આ વખતે સેમ.૩ ની પરીક્ષાનો સમય ફક્ત ૧ કલાક ૧૫ મિનિટનો હશે. આટલા ઓછા સમયના કારણે પરીક્ષા દરમિયાન ટોઈલેટ ન જવાનો હુકમ કરવામાં આવ્યો છે. ફક્ત ખૂબ જ ગંભીર સ્થિતિ (જેમ કે, મેડિકલ ઈમરજન્સી)માં જ વિદ્યાર્થીઓ ટોઈલેટ જઈ શકશે. આ વર્ષે પહેલીવાર પરીક્ષા OMR શીટ પર આયોજિત થશે. ત્રીજા સેમેસ્ટરની આખી પરીક્ષા ઓએમઆર શીટ પર લેવામાં આવશે. અગાઉ, આ સંબંધિત નિયમ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, શિક્ષકોની કમીના કારણે પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષક પણ સુપરવિઝન કરી શકે છે. જોકે, તેમાં પ્રત્યેક માટે એક સ્થાયી શિક્ષક હોવો જરૂરી છે. કોઈપણ અસ્થાયી શિક્ષક પરીક્ષામાં સુપરવાઈઝર બની નહીં શકે. પરીક્ષાર્થીઓને ટોઈલેટ ન જવા દેવાના નિર્ણને લઈને ચર્ચા થઈ રહી છે, જે મુદ્દે એક વર્ગ તેનું સમર્થન કરે છે, તો અન્ય વર્ગ તેને વિદ્યાર્થીઓના હકની વિરોધમાં જણાવે છે. એવામાં ચાલો જાણીએ ડૉક્ટર અને વકીલ આ વિશે શું કહે છે. પરીક્ષા દરમિયાન ટોઈલેટ ન જવા દેવા મુદ્દે ડૉક્ટરે જણાવ્યું કે, પરીક્ષાના સમયે બાળકોમાં ખૂબ તણાવ હોય છે. જ્યારે તેમને પહેલાથી જ ખબર હોય કે, ટોઈલેટ નહીં જવા દે તો તણાવ વધી જાય છે.

### ભારતના કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ માર્કેટમાં નવા યુગનો પ્રારંભ

# રિલાયન્સ રિટેલે કેલ્વિનેટરના હસ્તાંરણની જાહેરાત કરી

**। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।**

રિલાયન્સ રિટેલે આજે કેલ્વિનેટરના સીમાચિન્હરૂપ હસ્તાંરણની જાહેરાત કરી છે. આ એક વ્યૂહાત્મક પગલું છે જે ભારતના ઝડપથી વિકસી રહેલા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ક્ષેત્રમાં રિલાયન્સ રિટેલના પ્રભુત્વને નોંધપાત્ર રીતે સુદ્રઢ બનાવશે. આ હસ્તાંતરણ સમગ્ર ભારતમાં ગ્રાહકોને અપ્રતિમ મૂલ્ય અને પસંદગી પૂરી પાડીને ભારતમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ ક્ષેત્રના ભવિષ્યને નવો આકાર આપવાની રિલાયન્સ રિટેલની અતૂટ પ્રતિબદ્ધતાનો પૂરાવો છે.

કેલ્વિનેટર એક સદી કરતાં પણ વધુ સમયથી વિશ્વાસ અને નવીનતાનો પર્યાય બની રહેલી બ્રાન્ડ છે. તેણે વૈશ્વિક સ્તરે ગૃહવપરાશ માટે ઈલેક્ટ્રિક રેફ્રિજરેશનની શરૂઆત કરી હતી. ભારતમાં તેણે ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં તેની યાદગાર ટેગલાઈન "ધ કૂલેસ્ટ વન" સાથે એક અગ્રણી સ્થાન હાંસલ કર્યું હતું. તે આજે પણ પોતાની અદ્યતન ટેકનોલોજી, ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા, લાંબા સમય સુધી ટકનારી ગુણવત્તા અને અસાધારણ મૂલ્ય પૂરું પાડવા માટે જાણીતી છે. આ હસ્તાંતરણ અપેક્ષાપૂર્ણ જીવનશૈલીનો વ્યાપ વિસ્તારવાની રિલાયન્સ રિટેલની પરિકલ્પના સાથે વ્યૂહાત્મક રીતે સુસંગત છે. કેલ્વિનેટરના નવીનતાના સમૃદ્ધ વારસાને રિલાયન્સ રિટેલના વ્યાપક અને અપ્રતિમ રિટેલ નેટવર્ક સાથે એકીકૃત કરીને, કંપની ભારતમાં ઝડપથી વિસ્તરી રહેલા પ્રિમિયમ હોમ એપ્લાયન્સીસના બજારમાં નોંધપાત્ર ગ્રાહક મૂલ્યને વિસ્તૃત બનાવવા અને વૃદ્ધિને વેગ આપવા માટે સુસજ્જ થઈ છે. આ તાલમેલ સુનિશ્ચિત કરશે કે ઉચ્ચ-ગુણવત્તાશીલ તેમજ વૈશ્વિક-માપદંડ ધરાવતી પ્રોડક્ટ્સ દરેક ભારતીય ઘર સુધી પહોંચી તેમની રોજિંદી જીવનશૈલીને ઉન્નત બનાવશે.



નવી દિલ્હીમાં એરફોર્સ સ્કૂલના ૭૦મા સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા.

# સમાજમાં મહિલાઓને પછાત પરંપરાઓમાંથી મુક્ત કરવી જરૂરી

**। (એજન્સી) સોલાપુર, તા.૧૮ ।**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે જણાવ્યું હતું કે, કોઈપણ દેશની સફળતા માટે મહિલાઓનું સશક્તિકરણ અત્યંત જરૂરી છે. જૂની અને પછાત વિચારણા ધરાવતી પરંપરામાંથી મુક્ત કરવામાં આવશે. તે મહારાષ્ટ્રના સોલાપુરમાં ઉદ્યોગવર્ધિની નામના એક બિન-સરકારી સંગઠન તરફથી આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

મોહન ભાગવતે જણાવ્યું કે, મહિલાઓ કોઈપણ સમાજનો અભિન્ન હિસ્સો હોય છે. પુરૂષ જીવનભર કામ કરે છે, મહિલા પણ જીવનભર કામ કરે છે. પરંતુ તેનાથી પણ વિશેષ તે આગામી પેઢીઓને પ્રેરણા આપે છે. બાળકોના મન અને સંસ્કાર માતાના સ્નેહમાં જ વિકસિત થાય છે. મહિલા સશક્તિકરણ માત્ર સમાજ માટે નહીં, પણ આખા દેશના વિકાસ માટે અનિવાર્ય છે. મોહન ભાગવતે જણાવ્યું કે, ઈશ્વરે મહિલાઓને એક વિશેષ શક્તિ આપી છે. જેનાથી તે એ કામ પણ કરી શકે છે, જે પુરૂષ નથી કરતાં. તેનામાં પુરૂષ જેવા તમામ ગુણો પણ છે. જેથી તે પુરૂષની સમોવડી થઈને કામ કરી શકે છે.

વધુમાં ભાગવતે કહ્યું કે, પુરૂષોની આ વિચારસરણી કે, તેઓએ મહિલાને પ્રગતિ કરવા મંજૂરી આપી છે, તો તે અત્યંત અહંકારી વિચારસરણી છે. આવું વિચારવાની કોઈ જરૂર નથી. મહિલાઓને માત્ર સ્વતંત્રતા આપવી જોઈએ.

## તંત્રી લેખ...

# અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું

વિદેશ મંત્રાલયે NATOના સેક્રેટરી જનરલ માર્ક રૂટની ભારતને આપવામાં આવેલી ચેતવણીનો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે રશિયામાંથી ક્રૂડ ખરીદવા મામલે NATOને કહ્યું છે કે, અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું. રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, પોતાના નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. આ દિશામાં અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું. આ મામલે કોઈ બેવડું વલણ અપનાવવામાં આવશે નહીં. NATOના સેક્રેટરી જનરલ માર્ક રૂટે બુધવારે ભારત, ચીન, અને બ્રાઝિલને ચીમકી આપી હતી કે, જો તેઓ રશિયા સાથે ક્રૂડ બિઝનેસ ચાલુ રાખશે તો તેમણે સેકેન્ડરી પ્રતિબંધો (વધારાના પ્રતિબંધો/ટેરિફ)નો સામનો કરવો પડશે. આ ત્રણેય દેશોને રશિયાના પ્રેસિડન્ટ પુતિન સાથે વાત કરવા તેમજ યુક્રેન સાથે શાંતિ મંત્રણા માટે દબાણ કરવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે, વર્ષોથી ગાઢ મિત્ર રશિયા પાસેથી ભારત ક્રૂડ ખરીદવા માગે છે. અમેરિકાએ રશિયા-યુક્રેન યુદ્ધના કારણે રશિયા સાથે બિઝનેસ પ્રતિબંધો લાદ્યા હતાં. જો કે, ભારતને સસ્તા દરે ક્રૂડ ઓફર કરતું હોવાથી મોટાપાયે ક્રૂડની ખરીદી થઈ રહી છે. એવામાં NATOની ચીમકીથી વિવાદ સર્જાયો હતો. જો કે, ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, પોતાના નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતો હંમેશા પ્રાથમિકતા રહેશે. રણધીર જયસ્વાલે યમનમાં ફાંસીની સજાનો સામનો કરી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયા કેસ પર પણ ટીપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, ભારત સરકાર નિમિષા પ્રિયાને સંભવિત તમામ મદદ કરવાનો પ્રયાસ કરી રહી છે. અમે તમામ કાયદાકીય મદદ ઉપલબ્ધ કરાવી છે. તેના પરિવારની સહાયતા માટે એક વકીલની પણ નિમણૂક કરી છે. સ્થાનિક અધિકારીઓ અને તેના પરિવાર સાથે સતત સંપર્કમાં છીએ.

## કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલે યુવાનોને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના આર્કિટેક્ટ બનવાનું આહ્વાન કર્યું

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયુષ ગોયલે આજે નોઈડામાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનાઈટેડ નેશન્સ મૂવમેન્ટ (IIMUN) કોન્ફરન્સ ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું હતું. વિદ્યાર્થીઓ અને યુવા નેતાઓના ઉત્સાહી મેળાવડાને સંબોધતા, મંત્રીએ યુવાનોને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે સક્રિયપણે યોગદાન આપવાનો આગ્રહ કર્યો, જેમ કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા અમૃત કાળ માટે 'પંચ પ્રણ' (પાંચ પ્રતિજ્ઞા) હેઠળ કલ્પના કરવામાં આવી હતી.

શ્રી ગોયલે ભાર મૂક્યો હતો કે ભારત એક મોટા પરિવર્તનના શિખર પર ઉભું છે. ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રીના સંબોધનને યાદ કરતા, તેમણે કહ્યું હતું કે ૨૦૪૭માં ભારતની સ્વતંત્રતાની શતાબ્દી સુધી અમૃત કાળનો ૨૫ વર્ષનો સમયગાળો રાષ્ટ્ર માટે એક નિર્ણાયક ક્ષણ છે. તેમણે યુવાનોને ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ થવા હાકલ કરી હતી.

તેમણે વિગતવાર જણાવ્યું હતું કે પાંચ પ્રતિજ્ઞાઓમાંથી પ્રથમ પ્રતિજ્ઞા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ છે. આગામી કેટલાક દાયકાઓ માટે યુવાનોને તેમના વિઝનની કલ્પના કરવા માટે આગ્રહ કરતા, તેમણે કહ્યું હતું કે તેઓ આ પરિવર્તનના મુખ્ય પ્રેરક બનશે. તેમણે કહ્યું, ''આ પ્રતિબદ્ધતા ફક્ત ત્યારે જ સાકાર થઈ શકે છે જો આપણે બાકીના ચાર પ્રતિજ્ઞાઓને સમાન ગંભીરતાથી લઈએ.''

શ્રી ગોયલે કહ્યું હતું કે બીજી પ્રતિજ્ઞા વસાહતી માનસિકતાને છોડી દેવાની છે. ભારતના સમૃદ્ધ ઈતિહાસને વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે ઉલ્લેખતા, તેમણે કહ્યું હતું કે સદીઓથી ચાલતા વિદેશી તાબેદારીએ આત્મવિશ્વાસને નષ્ટ કર્યો છે અને મર્યાદાઓ લાદી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે ''આપણે ભૂતકાળના અવરોધોથી બંધાયેલા ન રહેવું જોઈએ પરંતુ વૈશ્વિક ધોરણોને પૂર્ણ કરવાની અને મહત્વાકાંક્ષી લક્ષ્યો નક્કી કરવાની ઈચ્છા રાખવી જોઈએ.''

ત્રીજી પ્રતિજ્ઞા ભારતના વારસા પર ગર્વ લેવાની છે. શ્રી ગોયલે કહ્યું હતું કે જેમ જેમ આપણે વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યા છીએ, તેમ તેમ ભારતનો ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરાઓ અને મૂલ્ય પ્રણાલીઓનું ગહન મહત્વ છે. શ્રી ગોયલે કહ્યું હતું કે, ''વિકાસ ભી, વિરાસત ભી - આપણે આપણા વારસાને સાચવીને વિકાસ કરવો જોઈએ. આપણી વિવિધતા આપણી શક્તિ છે, અને આપણે આપણી પ્રગતિની સામૂહિક યાત્રામાં આપણી પરંપરાઓનો સમાવેશ કરવો જોઈએ.''

ચોથી પ્રતિજ્ઞા વિશે બોલતા, મંત્રીએ કહ્યું હતું કે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સર્વોપરી હોવી જોઈએ. દેશ અને વિદેશના યુવાનોને જોડવાના IIMUNના પ્રયાસોની પ્રશંસા કરતા, શ્રી ગોયલે કહ્યું હતું કે આ એકતા ભારતની સૌથી મોટી શક્તિ છે અને તેને દરેક સ્તરે પોષવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સામૂહિક ભાવના દેશની વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રાનો આધાર છે.

તેમણે કહ્યું હતું કે પાંચમો સંકલ્પ ૧.૪ અબજ ભારતીયોનો રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાનો સામૂહિક સંકલ્પ છે. શ્રી ગોયલે ભાર મૂક્યો કે વિકસિત ભારત ત્યારે જ ઉભરી શકે છે જ્યારે બધા નાગરિકો એક પરિવાર તરીકે, સહિયારી જવાબદારી અને કરુણા સાથે સાથે કામ કરે. તેમણે કહ્યું, ''આપણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે ચિંતિત રહેવું જોઈએ, વંચિતોની સંભાળ રાખવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આપણી પ્રગતિ સમાવિષ્ટ અને ટકાઉ હોય.'' મંત્રીએ યુવાનોને રાષ્ટ્ર નિર્માણને ફરજ અને વિશેષાધિકાર તરીકે સ્વીકારવા અને દરેક કાર્યને પ્રતિબદ્ધતા અને સમર્પણ સાથે કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે તેમને અન્ય લોકો માટે કાળજી અને ચિંતા વિકસાવવા અને તેઓ જે પણ કાર્ય હાથ ધરે છે તેમાં પોતાનું શ્રેષ્ઠ આપવાનો પણ આગ્રહ કર્યો હતો.

શિક્ષકો અને માર્ગદર્શકોની ભૂમિકાની પ્રશંસા કરતા, શ્રી ગોયલે કહ્યું હતું કે શાળા અને કોલેજના વર્ષો દરમિયાન તેમના યોગદાનને ઘણીવાર ઓછું આંકવામાં આવે છે તેમ છતાં તેઓ વ્યક્તિ અને રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે આ બંધનને જીવનના સૌથી મૂલ્યવાન અને ટકાઉ સંબંધોમાંના એક તરીકે ગણાવ્યું હતું.

### આરોગ્ય મંદિર કાયમ મંદિર રૂપ ધારણ કરી રહે, એની થોડીક વાત કરી આજની કથાને વિરામ તરફ લઈ જવી છે

# સમાનતા, સંતુષ્ટિ, વિમલ મન, સત્સંગ અને મનમંદિર રૂપી ઈમારતનાં ચાર સ્તંભ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રાવણ સન્યાસીનો વેશ લઈને પંચવટી આવે છે, અને માતા-પિતાનું અપરણ થયું, જટાયુએ એમની સાથે મુકાબલો કર્યો, અને પોતાની શક્તિ ક્ષીણ થઈ એટલે ધરતી ઉપર જટાયુ રાવણના પ્રવાહથી પડ્યા! તોય એણે રાવણને મૂર્છિત કર્યો.**

માનસ સેવા યજ્ઞના નવમા દિવસની વિરામની કથામાં પ્રવેશતા પૂજે બાપુએ કહ્યું કે ''સેવાધર્મુ કઠિન જગ જાના'' એ સેવા ધર્મનો સાર છે. આજે આ માનસ સેવાયજ્ઞ સુચારુ રૂપે વિરામ તરફ જઈ રહ્યો છે, ત્યારે સેવાનો સાર સમજીએ. સેવાધર્મ બહુ જ કઠિન છે. આરોગ્ય મંદિર કાયમ મંદિર રૂપ ધારણ કરી રહે, એની થોડીક વાત કરી આજની કથાને વિરામ તરફ લઈ જવી છે પણ પહેલા કથા ક્રમ. ભગવાન રામ ચિત્રકૂટમાં લગભગ ૧૩ વર્ષ રહ્યાં, અને પછી બધા રામને ઓળખી જવા લાગ્યાં, એટલે કે દશરથ નંદન જ પરબ્રહ્મ છે! ભગવાનને થયું કે મારે માનવ લીલાં કરવી પડશે, બાકી મારું બ્રહ્મ તત્વ જો પ્રગટ થશે તો આગળ બાધા આવશે. એટલે ભગવાને સ્થળાંતરનો નિર્ણય કર્યો. ચિત્રકૂટથી આગળ વધી અત્રિ ઋષિના આશ્રમ આવ્યાં, અને માર્ગમાં જટાયુ સાથે મૈત્રી કરી પ્રભુ પંચવટીમાં નિવાસ કર્યો.

રાવણ સન્યાસીનો વેશ લઈને પંચવટી આવે છે, અને માતા-પિતાનું અપરણ થયું, જટાયુએ એમની સાથે મુકાબલો કર્યો, અને પોતાની શક્તિ ક્ષીણ થઈ એટલે ધરતી ઉપર જટાયુ રાવણના પ્રવાહથી પડ્યા! તોય એણે રાવણને મૂર્છિત કર્યો. જટાયુએ ધાર્યું હોત તો રાવણની આંખો એણે ચાંચથી ફોડી નાખી હોત પણ એણે આંખમાં ચાંચ ન મારી કારણ કે એ વખતે યુદ્ધમાં એ ધર્મ હતો કે મૂર્છિતને મરાય નહીં અને આજે ધર્મમાંય યુદ્ધ છે.

સીતાને શોધવા માનવ લીલા કરતા કરતા ભગવાન રડે છે, આમ પણ પોતાના પતિના પગલે પગલે જે સ્ત્રીએ આટલા સુખોનો ત્યાગ કર્યો હોય, એ સીતાનું ભલે લીલામાં અપહરણ થયું હોય, તો પણ એના વિયોગમાં રામે રડવું જ જોઈએ. જટાયુ નો ઉધાર કરી સારું કે મુક્તિ આપી સંબંધ નામના રાક્ષસ ને નિર્વાણ આપી ઠાકોર શબરીના આશ્રમમાં પધાર્યા ભીલ એક તિરસ્કૃત આખરી સમાજનો છેડો એવી ભીલડી બેઠી છે એને ભરોસો છે કે, રામ આવશે,રામ આવ્યા અને ગુરુ વચન પૂર્ણ થયાનો આનંદ છે. શબરીને નવધા ભક્તિ દાન કરી, પંપા સરોવર ગયાં. નારદજી પધાર્યા, નારદે પ્રશ્ન પૂછ્યો સંતોના લક્ષણ કેવા હોય! રાઘવ સાધુના લક્ષણોની ચર્ચા કરતા કરતા કહ્યું કે, સાધુના લક્ષણનો શેષ પણ ન ગાઈ શકે, સરસ્વતી પણ ન ગાઈ શકે, હું પણ ન ગાઈ શકું, પોતાના ભક્તોના ગુણ પ્રભુએ નિજ મુખે કહ્યાં છે. કિષ્કિંધામાં પ્રવેશતા ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવ અને હનુમાનજી સાથે મુલાકાત થઈ. સુગ્રીવ સાથે મિત્રતા કરી એની પીડા જાણી વાલીનો વધ કર્યો, વાલીને છેતરીને માર્યો એવી બધું વાતો કરે છે. એમને રામાયણ વિશે કંઈ જ્ઞાન જ નથી માટે નિવેદન ન કરો, વાલી રઘુનાથનાં ગુણને જાણતો હતો, અને એ રીતે મુક્તિ જોઈતી હતી. સુગ્રીવને કિષ્કિંધાનું રાજ મળે છે, વિષયી જીવ ભોગમાં ડૂબી જાય છે,લક્ષ્મણજી અને સાવધાન કરે છે. સીતાશોધની યોજના બનાવી ત્રણ દિશાઓમાં બંદર ભાલુ નીકળ્યા. છેલ્લી ટુકડી જેનો નાયક યુવરાજ અંગદ, માર્ગદર્શક જામવંત, હનુમાનજી અને આ ટુકડી દક્ષિણ તરફ જવા રવાના થઈ. પ્રભુને લાગ્યું કે આ લોકો આ કાર્ય કરી શકશે, એટલે મુદ્રિકા આપી. યાત્રામાં સ્વયં પ્રભા સાથે મુલાકાત થઈ, બધા સમુદ્રને કિનારે આવ્યા. સંપાત્તિએને ખાવા દોડ્યો ત્યારે જટાયુને યાદ કર્યા ! ભાઈનું બલિદાન સાંભળી રામ સેવકો માટે પોતે પોતાની પ્રખર દ્રષ્ટિથી સીતા લંકામાં અશોક વૃક્ષ નીચે છે એ જણાવ્યું.

હનુમાનજી સીતાશોધ માટે નીકળ્યા બધાં અવરોધો પાર કરતા કરતા લંકામાં પ્રવેશ કરે છે, બધી જ બાજુ ભોગો ભોગવાતા હતાં, વ્યક્તિ ક્યાંય દેખાય નહીં! તુલસીદાસજી સંકેત કરે છે કે બધાને દેહ રૂપી મંદિર છે, પણ અંદર વ્યક્તિ નથી. ક્યાંક કામ, ક્યાંક ક્રોધ, ક્યાંક લોભ, ક્યાંક મદ ક્યાંક ભોગ આ આસુરી તત્વો મંદિરમાં દેખાવા લાગ્યા. એક વિભીષણનું ઘર જોઈ એને સજ્જન રહેતો હોય એવો લાગ્યું, અને એમણે ત્યાં પ્રવેશ કર્યો. કોઈ સાધુ પુરુષ આપણા ઘરમાં પ્રવેશે ત્યારે જ આપણે જાગીએ છીએ, બાકી તો આપણે મોહ નિંદ્રામાં સુતેલા જ હોઈએ છીએ. હનુમાન વિભીષણનો પરિચય થયો. અશોક વાટિકામાં સીતાજીને મુદ્રિકા આપી, કથા સંભળાવી, પ્રભુ ઝડપથી આવશે, એવું આશ્વાસન આપી પ્રભુ પાસે પાછા ફર્યા. આખી સેનાએ પ્રસ્થાન કર્યું સમુદ્ર એ માર્ગ ન આપતા સેતુ બનાવ્યો, અને લંકા પહોંચ્યા. રામેશ્વરની સ્થાપના થઈ, રાજદૂતના રૂપ માં સંધિનો પ્રસ્તાવ મોકલ્યો પણ રાવણે ઠુકરાવ્યો રામ રાવણનું યુદ્ધ થયું, અને રામે રાવણને નિર્વાણ આપ્યું. પ્રભુ સૌને પુષ્પક બેસાડી અયોધ્યા પધાર્યા, રામ રાજ્યાભિષેક થયો. બધાં જ છ મહિના રોકાય અને એક હનુમાનજી રોકાયા. તુલસી સંવાદમાં માનતા હોય સીતાનાં બીજીવારના ત્યાગનો વિવાદ નથી કહ્યો.

મારે ને તમારે મનને મંદિર બનાવવું હશે તો ચાર થાંભલા જોઈશે નહીંતર મંદિર પડી જશે એ ચાર થાંભલા એટલે સમાનતા, સંતુષ્ટિ, નિર્મળ વિચાર, અને સત્સંગ. આપણા મનમાં સમાનતા હોય, મન સંતોષી હોય, મન વિમલ વિચાર કરતું હોય, એ બધું જ સારું છે. પણ આપણું મન જો સત્સંગ કરતું ન્હોય તો, આ ત્રણેય થાંભલા ક્યારે હલી જાય, એ કહેવાય નહીં અને વ્યાસપીઠ સત્સંગનો બહુ ભોળો અર્થ કરે છે, એટલે કે વ્યાસપીઠ ઉપરથી કહેવાતી કથા કે ભજન જ સત્સંગ નથી. એક સારી કવિતાનો સંગ એ પણ સત્સંગ છે, કોઈ સારું ગદ્યપદ્ય વાંચો તો એ સત્સંગ છે, એક સારી કળાની પ્રસ્તુતિ હોય એ પણ સત્સંગ છે, જ્યાં સત છે એની સમીપ રહેવું એનું નામ સત્સંગ, તો એ રીતે સત્સંગનો થાંભલો દ્રઢ કરો, તો મન મંદિરની ધજા કાયમ ફરકતી રહેશે. આપણે જે આરોગ્ય મંદિરની સ્થાપના કરવાના છે એના પણ ચાર સ્થંભ છે

(૧) આરોગ્ય મંદિરનો પૂજારી એટલે કે જે ડોક્ટર હોય, તે દર્દીને કહે કે તું આમ કર, એ કરવું. અગ્યા સમ ન સુંસાહિબ સેવા, આરોગ્ય મંદિરના વડા કે ડોક્ટર એનાં કર્મચારીઓને હૃદયથી કોઈ સૂચના આપે તો એ આજ્ઞાને સ્વીકારી, તે સ્થાનને સ્વચ્છ રાખવું, બધા જ સાધનો સ્વચ્છ રાખવા, એની આજ્ઞાનું જતન કરવું, એ પહેલો થાંભલો છે.

(૨) આશા! આમ તો આશાને બંધન કહે છે, એ બહુ સારી નથી, પણ આચાર્યઓએ એમ પણ કહ્યું કે મારામાં આશા હોવી જોઈએ. એટલે કઈ આશા? આ સેવાયજ્ઞમાં જે પરોપકાર માટેની સંસ્થા છે, એનો વધુમાં વધુ વિકાસ થાય વધુમાં વધુ લોકોનું ભલું થાય, એવી આશા જરૂરી છે, એ બંધનની આશા નથી, પણ કેટલાયને રોગમાંથી મુક્તિ અપાવનારી આશા છે, અને આ રીતે આશા જરૂરી છે. જ્યાં સુધી દુનિયામાં બીમારીઓ છે, ત્યાં સુધી આ આરોગ્ય મંદિરનો વિકાસ થાય.

(૩) આંસુ, આરોગ્ય મંદિરનો ત્રીજો સ્તંભ એટલે કે આસુ સંવેદના કરુણા. આરોગ્યધામમાં જે દર્દીઓ આવે એની પ્રત્યે આપણી પૂરેપૂરી સંવેદના હોવી જરૂરી છે. આંસુ એ બહુ મહત્વનો થાંભલો છે, કરુણા,કે સંવેદના નું આંસુ, દર્દીનાં દર્દ ને મિટાવવાનાં સંકલ્પ નું કામ કરે છે, કારણ કે દર્દી માટે ડોક્ટર ભગવાન હોય છે, અને એટલે જ ડોક્ટરના દિલમાં દર્દી માટે સંવેદના હોવી જોઈએ.

(૪) અહોભાવ, આપણું જે કર્મ હોય એની પ્રત્યે આપણને અહોભાવ હોવો જોઈએ. જેમ દીકરીને કોઈ સારા ઘરે પરણાવીએ, અને બાપને અહોભાવ હોય, એમ કોઈ સારી સંસ્થા સારા અને શ્રેષ્ઠ કાર્ય કરે, એમ આ આરોગ્ય મંદિરનાં બધા જ જવાબદાર લોકોને આ સેવાભાવી કાર્યનો અહોભાવ હોવો જોઈએ.

તુલસી સહિત ચારે ચાર આચાર્યોએ કથાને વિરામ આપ્યો ત્યાં સુધીની કથા કહી, આ કથાનું ફળ આ પંથકની બધી જ સમાધિઓને દાતાઓને અને એના પિતૃઓને આપી, નવમા દિવસની કથા ને વિરામ આપ્યો.

### તમે યોગ્ય લોકો અને પરિસ્થિતિઓને આકર્ષિત કરો છો જ્યારે તમને ઓછામાં ઓછી અપેક્ષા હોય છે

# જિંદગીને બહુ નજીકથી જોઈ છે મેં, ખાલી વાતો સિવાય કોઈ કોઈનું નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ તેના કરતાં વિવેકથી ઘર છોડી દો તે જ સારું. પ્રભુનું સ્મરણ ક્ષણ ક્ષણને અંતકાળે કરવાનું,નહીં કે જીવનના અંત કાળે, પ્રતિક્ષણ આ શરીર બદલાય છે. એટલે પ્રતિક્ષણ શરીરનો નાશ થાય છે.**

જીવન ક્યારેય સરળ નથી હોતું, કેટલીક બાબતોને અવગણીને અને કેટલીક બાબતોને સ્વીકારીને તેને સરળ બનાવવું પડે છે.

આજથી આપણે એવી બાબતો સ્વીકારીએ જે આપણે બદલી શકતા નથી...

તમે અત્યારે જે નિર્ણય લઈ રહ્યા છો તે સાચો છે, તે નિર્ણય તમને એકદમ સાચી દિશામાં લઈ જઈ રહ્યો છે. તમે યોગ્ય લોકો અને પરિસ્થિતિઓને આકર્ષિત કરો છો જ્યારે તમને ઓછામાં ઓછી અપેક્ષા હોય છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો

જન્મ મૃત્યુ જરાવ્યાધિના દુઃખોનો વારંવાર વિચાર કરો,તો વૈરાગ્ય આવશે અને પાપ છૂટશે,બાકી પાપના સંસ્કારો જલ્દી છુટતા નથી વિચાર વિના વિવેક વૈરાગ્ય નથી આવતા. કાળને માથે રાખી હંમેશા ઈશ્વરનું ચિંતન કરવુંકાળને યાદ રાખો તો પાપવૃતી ઉદભવશે નહીં.ભજન માટે અનુકૂળ સમયની રાહજુઓ નહીં કોઈપણ ક્ષણ ભજન માટે અનુકૂળ છે.બધી અડચણો દૂર થયા પછી હું ભજન કરીશ એમ માનવું તે અજ્ઞાન છે.

એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા સમુદ્રકિનારે ગયો.પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં બેસી જ રહ્યો.

લોકોએ તેને પૂછ્યું,અલ્યા, સ્નાન કરને! કેમ શાંત બેસી રહ્યો છે?

તે પુરુષે કહ્યું,જોતા નથી. સમુદ્રમાં ઉપરાઉપરી કેવાં તરંગો આવે છે! સમુદ્રમાં આ તરંગો બંધ થાય એટલે સ્નાન કરીશ.

સમુદ્રમાં મોજાં બંધ થવાનાં હતાં? મોજાં બંધ થાય નહીં ને સ્નાન પૂરું થાય નહીં. તે પ્રમાણે સંસાર સમુદ્ર છે.તેમાં અડચણરૂપી તરંગો તો આવવાનાં જ, એટલે કોઈ કહે અનુકૂળતા આવશે, ત્યારે ઈશ્વરનું ભજન કરીશ તો એવી સર્વાંગી અનુકૂળતા કદી આવતી જ નથી. જેમ પેલો પુરુષ સ્નાન કર્યા વગર રહી ગયો, તેમ તેવો મનુષ્ય ઈશ્વરભજન કર્યા વગર રહી જાય છે. જીવનમાં ભલે અડચણો આવે, પણ લક્ષ્ય ભૂલશો નહીં. લોભી પૈસાનું લક્ષ્ય રાખે, તેમ મહાપુરુષો પરમેશ્વરનું લક્ષ્ય રાખે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે, અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે મને પામે છે. અંતકાળ એટલે જીવનનો અંતકાળ નહીં. પરંતુ ક્ષણનો અંતકાળ.એટલે દરેક ક્ષણે ઈશ્વરનું ચિંતન,ધ્યાન સ્મરણ કરવું જોઈએ. જીવન ક્ષણનું જ બનેલું છે. ગમે તે ક્ષણે તેનો અંત છે. તે અંતકાળ માટે પ્રતિક્ષણને સુધારશો તો જ મરણ સુધરશે.

લોકો માને છે કે આખી જિંદગી કામધંધો કરીશું, કાળાંધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. આ વિચાર ખોટોછે.એટલે તો સ્પષ્ટતા કરેલી છે કે, હંમેશાં જે ભાવનું ચિંતન કરશો તેનું જ અંત કાળે સ્મરણ થશે એટલે તે ભગવાને આજ્ઞા કરી છે કે નિરંતર મારું જ સ્મરણ કર.એ તો સર્વ વિદિત છે કે જેનું સતત ચિંતન એનું જ મરણ કાળે સ્મરણ રટણ થાય છે.

એક સોની માંદગીમાં પથારીવશ હતો. મહિનાથી બજારમાં ગયેલો નહીં.તેથી વિચારો સોનાના ભાવ ના જ આવ્યા કરે. અંતકાળ આવ્યો છે. ડૉક્ટરે તાવ માપી કહ્યું કે, એકસો પાંચ છે. (૧૦૫ ડિગ્રી તાવ છે.)સોની સમજ્યા, કોઈએ સોનાનો ભાવ કહ્યો. તે પોતાના પુત્રને ઉદ્દેશી બૂમ મારવા લાગ્યો કે વેચી નાખ, વેચી નાખ! ૮૦,૦૦૦માં લીધેલું છે અને ૧૦૫ થયા છે. માટે વેચી નાખ.આમ બોલતાં બોલતાં સોનીએ દેહ છોડયો. સોનીએ આખી જિંદગી સોનાનો જ વિચાર કરેલો એટલે અંતકાળે તેને સોનાના જ વિચાર આવ્યા. પૈસા, પૈસા કરનારને અંતકાળે પૈસાના જ વિચાર આવે છે. પૈસા કમાવા એ પાપ નથી, પરંતુ પૈસા મેળવતાં ભગવાનને ભૂલવા એ પાપ છે.

શુકદેવજીએ કહ્યું,હે રાજા, મનુષ્યનું આયુષ્ય આમ ને આમ પૂરું થઈ જાય છે. રાત્રિ નિંદ્રા અને વિલાસમાં પસાર થઈ જાય છે અને દિવસ ધન માટે ઉદ્યમ કરવા માં અને કુટુંબનું ભરણપોષણ કરવામાં પૂરો થઈ જાય છે.

મનુષ્યોનો ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાંકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવું એ પણ સારું નથી.બહુ વાંચવા થી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે. રાજા, જે સમય ગયો તેને માટે હવે રડવું નહીં. તેનો વિચાર ન કરો ભૂતકાળનો વિચાર કરવાથી કાંઈ લાભ નથી.તું તારા વર્તમાનને સુધાર. આ સાત દિવસનો સમય મળ્યો છે તેનો સદુપયોગ કરો. મનુષ્ય ઈન્દ્રિય સુખમાં એવો ફસાયો છે કે, તેને પોતાના લક્ષ્યનું ભાન રહેતું નથી.શરીર,પુત્ર,સ્ત્રી આદિ અસત્ય છે છતાં તેના મોહ માં એ એવો પાગલ બન્યો છે તે સમયનું ભાન નથી,લક્ષ્યનું ભાન નથી.માટેતમારે ક્યાં જવું છે અને શું થવું છે તે આજથી જ નક્કી કરો. ઈચ્છા શુદ્ધિ વિના કર્મશુદ્ધિ થતી નથી.નિશ્ચય કરો કે મારે ભગવાનને મળવું છે,મારે ભગવાનના ધામમાં જવું છે,મારે હવે ફરી જન્મ લેવો નથી. દુનિયામાં વિકાર વાસના વધ્યાં છે તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે.

કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ તેના કરતાં વિવેકથી ઘર છોડી દો તે જ સારું. પ્રભુનું સ્મરણ ક્ષણ ક્ષણને અંતકાળે કરવાનું,નહીં કે જીવનના અંત કાળે,પ્રતિક્ષણ આ શરીર બદલાય છે. એટલે પ્રતિક્ષણ શરીરનો નાશ થાય છે. અંતકાળ એટલે દરેક પળને અંતે મનુષ્યનું

મૃત્યુ થાય છે,તેથી પ્રતિક્ષણેપ્રભુનું સ્મરણ કરો. આખું જીવન જેની પાછળ જાય,તે જ અંતકાળે યાદ આવે છે. એક ડોસો માંદો પડયો. તેનું સમગ્ર જીવન દ્રવ્ય વગેરે પાછળ ગયેલું. અંતકાળ નજીક આવ્યો. છોકરાઓ બાપાને 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે,હે નાથ નારાયણ વાસુદેવ'બોલવાનું કહે પણ બાપાના મુખમાંથી ભગવાન નું નામ નીકળતું નથી. જિંદગીમાં ભગવાનનું નામ લીધું હોય તો ભગવાનનું નામ યાદ આવે ને? ડોસો મનથી દ્રવ્યનું ચિંતન કરે છે. ડોસાની નજર તેવામાં આંગણા પર પડી. ત્યાં જોયું તો વાછરડો સાવરણી ખાતો હતો.ડોસાથી નજીવું નુકસાન પણ ન જોયું ગયું. ડોસો હૈયું બાળે કે મેં કેવી રીતે મેળવ્યું છે તે આ લોકો શું જાણે? ઘરના કોઈ લોકોને પૈસાની કે ચીજવસ્તુઓની દરકાર નથી.આ લોકો મારા ગયા બાદ ઘરને કેવી રીતે ચલાવશે?ડોસાથી બોલી શકાતું નથી,છતાં તૂટકતૂટક શબ્દે તે વા..સા....વા....સા....બોલવા લાગ્યો.

એક છોકરાને લાગ્યું, બાપા વાસુ દેવ બોલવા જાય છે પણ તેમનાથી બોલાતું નથી. બીજા છોકરાઓને સ્વાર્થને લીધે લાગ્યું કે,બાપા કંઈ વારસામાં આપવાની ઈચ્છાથી બોલે છે.વારસામાં આપવા ખાનગી મિલકત છુપાવી રાખી હશે. તે બાબતમાં તેઓ કંઈ કહેવા માગે છે.એટલે છોકરાઓ એ ડૉક્ટરને બોલાવ્યા ને કહ્યું, બાપા થોડું બોલી શકે તેમ કરો. ડૉક્ટરે કહ્યું કે,ઈંજેક્શન આપીએ તો ડોસો થોડો વખત બોલી શકશે પરંતુ તે માટે એક હજાર રૂપિયા ખર્ચ લાગશે. છોકરાઓને આશા હતી કે, બાપાએ કાંઈ દાટ્યું હશે તે બતાવશે.એટલે લાલચમાં એમણે રૂપિયા એક હજાર ખર્ચ કર્યો.બાપા શું બોલે છે તે સાંભળવા બધા આતુર થયા અને દવાની અસરથી બાપા બોલ્યા, અહીં મારા તરફ શું જુઓ છો? ત્યાં પેલો વાછરડો સાવરણી.. બોલતાં બોલતાં ડોસાએ દેહ છોડયો.આવી દશા તમારી ન થાય તે જોજો.હસવાની આ કથા નથી સાવધાન થવા માટે છે.એકલાં લક્ષ્મીજી આવે તો રડાવી ને જાય છે પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે છે.

લોકો કહે કે કાળ આવવાનો છે તેની કેમ ખબર પડે?પરંતુ કાળ આવતાં પણ કાગળ લખે છે,પણ કાળનો કાગળ કોઈને વાંચતાં આવડતો નથી.ઉપરનું છાપરું ધોળું થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે.દાંત પડવા લાગે એટલે માનજો કે કાળની નોટિસ આવી છે. હવે દૂધ-ભાત ખાઈને પ્રભુ ભજન કરવાનો સમય આવ્યો છે પણ લોકો તો ચોકઠું બનાવડાવે છે. ચોકઠું હોય તો પાપડ ખાવાની મજા આવે છે. અરે! ક્યાં સુધી ખાશો? ખાવાથી શાંતિ મળતી નથી,ખાવાથી વાસના વધે છે. અસ્તુ.

### મને પાઠ ભણવા મળશે

# ફિલ્મ પ્રમોશનમાં દૂર રાખ્યા બાદ રામ કપૂરે કરી કબૂલાત

## ૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે, તેથી મારી સ્પષ્ટતા પર પણ ધ્યાન આપજો : રામ કપૂર



ટીવી અને ફિલ્મના જાણીતો કલાકાર રામ કપૂર આજકાલ તેના વેઈટ લોસ અને નવા લૂકને લઈને ઘણો ચર્ચામાં છે. હવે તેની એક સિરીઝ ‘મિસ્ટ્રી’ ઓટીટી પર આવવાની છે, ત્યારે તે એક નવા વિવાદમાં સપડાયો છે. તેને આ શોના પ્રમોશનથી દુર રહેવા માટે કહેવાયું છે. કારણ કે તેણે મુંબઈમાં ગયા અઠવાડિયે એક અયોગ્ય સેક્સ્યુઅલ નિવેદન કર્યું હતું. તેના કારણે જિઓ હોટસ્ટારની ટીમ દ્વારા તેના પર પગલાં લેવાયાં છે. ત્યારે હવે રામ કપૂરે આ અંગે પોતાનો મત મુક્યો છે. તેણે ભુલ કરી હોવાનું કબૂલ્યું અને સ્પષ્ટતા પણ કરી કે તેણે આવું નિવેદન કેમ કર્યું હતું.પોતે આવું નિવેદન કરીને ભુલી કરી હોવાનું કબુલીને રામ કપૂરે કહ્યું, ‘‘પહેલાં હું કહેવા માગું છું કે જે કંઈ પણ કહેવાનો મારા પર આક્ષેપ છે, એ મેં કહ્યું છે. તો હકીકત એ છે કે હું એ ભુલનો ગુનેગાર છું. પરંતુ મારાબચાવમાં મારે આટલું જ કહેવું છે.’’રામ કપૂરે આગળ કહ્યું, ‘‘હું જે લોકો સાથે કમ્ફર્ટેબલ છું, એ લોકો સાથે હોઉં ત્યારે હું થોડો બિન્દાસ થઈ જતો હોઉં છું. જે લોકો મને ઓળખે છે અને જેણે મારી સાથે કામ કર્યુ છે એ લોકો જાણે છે કે હું એવો જ છું અને એમાં કોઈને દુઃખી કરવાનો મારો કોઈ હેતુ હોતો નથી.’’રામે એવું પણ કહ્યું કે તેને ખ્યાલ નહોતો કે તેના કોઈ નિવેદનથી આટલી હલચલ થઈ જશે, જો તેને પહેલાં જ ખબર હોત તો એ આવું બોલ્યો ન હોત. રામ કપૂર જે તરફ જોઈને વાત કરવાની હતી, ત્યાં સામે કોઈ છોકરી બેઠી હતી, તેના ડ્રેસ વિશે રામે નિવેદન કર્યું હતું. તેણે કહ્યું, ‘‘મને જો લાગ્યું હોત કે એ અયોગ્ય છે, તો હું મીડિયાથી ભરેલા હોલમાં આવું નિવેદન કરેત જ નહીં. ૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે, તેથી મારી સ્પષ્ટતા પર પણ ધ્યાન આપજો.’’રામ કપૂરે જણાવ્યું કે તેના આ નિવેદનનો હેતુ નિર્દોષ હતો.

# અભિનેત્રી અંકિતા લોખંડેએ જૂથવાદ સામે અવાજ ઊઠાવ્યો



**લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે**

અંકિતા લોખંડે ટીવીનો જાણીતો ચહેરો છે, તાજેતરમાં અંકિતા લોખંડે અને તેનાં પતિ વિતી જૈને બિગબોસમાં ભાગ લીધો હો, ત્યારે તો ઘણા ચર્ચા અને વિવાદોમાં રહ્યાં હતાં. અંકિતા કંગના રણૌત સાથે ‘મણિકર્ણિકા’ સહિતની ફિલ્મોમાં કામ પણ કરી ચૂકી છે. એ પછી તેણે રણદીપ હુડા સાથે સ્વાતંર્ત્ય વીર સાવરકરમાં પણ કામ કર્યું હતું. હવે વિકી જૈન પણ ‘ફૌજી’ સાથે ફિલ્મમાં ડેબ્યુ કરશે. તાજેતરમાં આ કપલે એલ્વિશ યાદવના યૂટ્યુબ પોડકાસ્ટમાં ભાગ લીધો હતો, ત્યારે અંકિતાએ ઈન્ડસ્ટ્રીમાં જૂથવાદ અંગે પણ વાત કરી હતી. અંકિતાએ કહ્યું, ‘‘લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે. જૂથવાદ ચોક્કસ છે.’’આ વખતે એલ્વિશે કટાક્ષમાં મજાક કરતાં કહ્યું, ‘‘કરણ જોહરને આવું ન કહેશો.’’ત્યારે અંકિતાએ તરત જ કહ્યું, ‘‘બધાં એવા જ છે, માત્ર કરણ નહીં. મને લાગે છે કે દરેકનું પોતાનું એક ગ્રૂપ હોય છે.’’આ બાબતે વિકી જૈને પણ કહ્યું કે ફિલ્મ



ઈન્ડસ્ટ્રીનાં લોકોને એવા લોકો સાથે કામ કરવું હોય છે, અંકિતાએ કહ્યું, લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે જેમને તેઓ પહેલાંથી જ ઓળખતા હોય, તેથી તેઓ બહારના કોઈ વ્યક્તિને તક આપ વામાં માનતા નથી. અંકિતા હાલ વૅબ સિરીઝ ‘આમ્રપાલી’ની તૈયારી કરી રહી છે, જેમાં તે પૌરાણિક વૈશાલીની એક રાજનર્તકીનો રોલ કરશે. આ સિરીઝ સંદીપ સિંઘ ડિરેક્ટ કરશે. હાલ તે લાફ્ટર શેફની બીજી સીઝન માટે પણ કામ કરી રહી છે.

# રાજકુમાર રાવ અને માનુષીની જોડી ‘માલિક’ને ફળશે?

**ટ્રેલર પરથી લાગે છે કે આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર એ ‘એનિમલ’ના રણબીર અને ‘રઈસ’ના શાહરુખનું મિશ્રણ છે**

રાજકુમાર રાવ એકધારા રોલ કરી રહ્યો છે અને તેની પ્રતિભા સામાન્ય રોલ કરવામાં વેડફાઈ રહી હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલતી હતી. હવે તેની એક નવી ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે. ‘માલિક’માં તે એક ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં આવ્યો છે, આ એક થ્રિલર ફિલ્મ છે. આ ફિલ્મથી રાજકુમારના ફૅન્સે આશા છે કે તે સાબિત કરી દેશે કે રાજકુમાર કોઈ પણ રોલ કરી શકે છે. મોટા પ



ડદાં પર તેનું અત્યાર સુધીનું સૌથી મજબુત પાત્ર જોવા મળશે.ટ્રેલર પરથી લાગે છે કે આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર એ ‘એનિમલ’ના રણબીર કપૂર અને ‘રઈસ’ના શાહરુખનું મિશ્રણ છે. અદાભરી ચાલ, મજબુત અને ધારદાર ડાયલોગ્ઝ રાજકુમાર એવી રીતે રજુ કરે છે કે જાણે જોવા વાળાને કંપ ારી છુટૂ જાય. આ ટ્રેલર એક જોરદાર ડાયલોગ સાથે શરૂ થાય છે, જેમાં રાજકુમાર ફિલ્મમાં તેના પિતા સાથે વાત કરી રહ્યો છે. એ કહેતો હોય છે, ‘‘મજબૂર બાપ કા બેટા હે, કિસ્મત થી હમારી. પર આપકો મજબુત બેટા કા બાપ બનના પડેગા, કિસ્મત હૈ આપકી.’’ભરપુર આત્મવિશ્વાસ અને સરળતાથી તે બંદૂક પકડીને ઉભો છે અને પછી ગોળી ચલાવે છે અને પછી ચાલી નીકળે છે. એમાં જ એ દર્શકોનાં દિલ જીતી ગયો હોય એવું લાગે છે. વધી ગયેલી દાઢી અને મૂછ તેના પર બહુ સારી લાગે છે. એવું લાગે છે કે દર્શકો તેના આ દેસી અવતારનાં પ્રેમમાં પ ડી જશે.આ ફિલ્મમાં બ્યુટી ક્વીન માનુષી છિલ્લર અને રાજકુમાર રાવની જોડી છે, આ જોડી પણ દર્શકો માટે બિલકુલ નવી છે. આ જોડી પણ ઘણી તાજગીસભર લાગે છે, તો આ જોડી શું લાવે છે, તે જોવામાં પણ ઘણાને રસ છે. પહેલી વખત માનુષી ગ્લેમરસ નહીં, પણ કોઈ દેસી અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં અલાહાબાદનાં એક ગેંગ્સ્ટરની વાત છે, જે ધીરે ધીરે અન્ડરવર્લ્ડની દુનિયામાં પોતાનું સ્થાન બનાવે છે. ક્રાઈમ, થ્રિલર અને રોમાન્સ ધરાવતી કુમાર તોરાની અને શેવાક્રમણીની આ ફિલ્મ ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે, જેમાં આ બે કલાકારો સાથે પ્રોશોનજીત ચેટર્જી પણ છે.

# માતૃત્વનો દંડ અને પિતૃત્વના ફાયદા જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે : કોંકણા

અનુરાગ બાસુની લોકપ્રિય ફિલ્મ ‘લાઈફ ઈન મેટ્રો’ની સિક્વલ ‘મેટ્રો ઈન દિનોં..’ આવી રહી છે, જેમાં વિવિધ શહેર અને ઉંમરનાં લોકો વચ્ચેની લવ સ્ટોરી જોવા મળશે. આગળની ફિલ્મમાં કોંકણા સેનની જોડી ઈરફાન ખાન સાથે હતી, જ્યારે આ ફિલ્મમાં હવે કોંકણાની જોડી પંકજ ત્રિપાઠી સાથે છે. ત્યારે આ ફિલ્મ પ હેલાં તેણે એક ઈન્ટરવ્યુમાં મધરહૂડ, વર્કલાઈફ બેલેન્સ અને પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. આ ફિલ્મમાં પ ંકજ ત્રિપાઠી અને કોંકણા સેન ઉંમરના મધ્યાહ્ને પહોંચી ગયેલાં એક કપલનો રોલ કરે છે. આ અંગે કોંકણાએ કહ્યું, લગ્નના દસ-બાર વર્ષ પછી, જ્યારે તમારે બાળકો હોય, હપ્તા હોય, બાળકોની સ્કૂલની ફી ભરવાની હોય, તમારી નોકરીઓ હોય અને ત્યારે તમે ઘરની જવાબદારીઓ અને તેના પગલે આવતી મુશ્કેલીઓથી ઘેરાઈ જાવ છો.ઘણા દંપતિ આ પડકારોનો સામનો કરે છે. ૧૦-૧૨ વર્ષ પછી શરૂઆતનો ઉત્સાહ, રોમાંચ ગાયબ થઈ જાય છે. પરિસ્થિતિ બદલાઈ જાય છે. અનુરાગે આ વાતને ઘણી સંવેનશીલતા અને હળવાશથી બતાવી છે. ઘણા




કપલ તેનાથી પોતાની જાતને જોડી શકશે.વર્ક લાઈફ બેલેન્સ અંગે વાત કરતા કોંકણાએ કહ્યું કે આજના દિવસોમાં અને આ ઉંમરે, દરેક ઈન્ડસ્ટ્રીમાં માતૃત્વના દંડ જેવી સ્થિતિ છે, માત્ર એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં નહીં. ‘‘તેને ફાધરહૂડ પ્રીમિયમ અને મધરહૂડ પેનલ્ટી કહેવાય છે.’’પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે કોંકણાએ કહ્યું, ‘‘મને લાગે છે કે અનુરાગ સાથે કામ કરવામાં બધું સહજ લાગે છે. મને લાગે છે કે તેનાં બધાં જ કલાકારોને આવું જ લાગતું હશે, કમ સે કમ આ ફિલ્મમાં તો ખરું જ. અનુરાગના સેટ પર બધું બહુ સરળ લાગે છે એ એનો ગુણ છે. એ બહુ સારો વ્યક્તિ છે. તેના સેટ પર કોઈ સ્ટ્રેસ નથી હોતો એટલે એની સાથે કામ કરવાનું સરળ રહે છે. મને લાગે છે એ સારી વાત છે અને બધા આ માહોલમાં જ શ્રેષ્ઠ કામ કરી શકે છે.’’આ ફિલ્મના પાત્ર વિશે વાત કરતા કોંકણાએ કહ્યું, ‘‘આ બહુ મજાની વાત છે, કારણ કે આપણે જે પાત્ર કરતાં હોય એમાં આપણી જાતને જોઈ શકીએ એવું બહુ ઓછું લાગે છે.

### વિક્રાંત મેસ્સીને અફસોસ

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હજુ કેટલાક લોકો મને ઉતરતો માને છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નવી પેઢીના એકટર્સમાં વિક્રાંત મેસ્સીનું નામ મોખરે છે. નાના રોલથી શરૂઆત કરનારા વિક્રાંતની એક્ટિંગના ખૂબ વખાણ થઈ રહ્યાં છે. પ્રોમિસિંગ એક્ટ તરીકે ઓળખાતા વિક્રાંતને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક લોકોએ હજુ સ્વીકાર્યો નથી. કેટલાક લોકો પોતાને ઉતરતો માની રહ્યા હોવાનો વિક્રાંતને અફસોસ છે. વિક્રાંતનું ફેમિલી બેકગ્રાઉન્ડ ફિલ્મોનું નથી અને તેના કારણે કેટલાક લોકો તેને હજુ આઉટસાઈડર્સ માની રહ્યા છે. સ્ટાર કિડ્સે ક્યારેય ખરાબ વર્તન કર્યું છે કે કેમ? તે અંગે જવાબ આપતાં વિક્રાંતે કહ્યું હતું કે, સંઘર્ષના દિવસોમાં ઘણાં લોકો તેને હિન બતાવવા માગતા હતા. આ વાત માત્ર



સ્ટારકિડ્સની નથી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ પ્રકારના વર્તનને વ્યાપક રીતે જોવાના બદલે કેટલાક લોકોની માનસિકતા સાથે સરખાવવંય જોઈએ. અલગ-અલગ સમયે ઘણાં લોકોએ તેને ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે. હજુ આજે પણ કેટલાક લોકોએ પોતાના પ્રયાસ છોડ્યા નથી. વિક્રાંતનું માનવું છે કે, જીવનમાં આ પ્રકારના લોકો પણ જરૂરી છે. તેમના કારણે જ પોતાની જાતને સાબિત કરવાની આગ લાગેલી રહે છે. પડકાર આપનારા લોકો જ ના હોય તો બમણા જોરથી કામ કરવાનો ઉત્સાહ આવી શકે નહીં. હકીકતમાં આવા લોકોનો આભાર માનવો જોઈએ. એક્ટર તરીકે પોતાને નાપસંદ કરનારા લોકોના કારણે દુઃખી થવાનું વિક્રાંતને પસંદ નથી. આ પ્રકારની નકારાત્મકતાથી જ આગળ વધી શકાય છે. એક્ટિંગ વખણાય અને ફિલ્મ સારી ચાલે ત્યારે ટીકાકારોને જવાબ મળી જ જાય છે. મોટા ભાગના સ્ટારકિડ્સ પોતાના માટે સારા હોવાનું વિક્રાંતે કહ્યું હતું. જો કે પોતાના માટે અણગમો ધરાવનારા કે નિષ્ફળતા જોવા માગતા લોકોના કારણે જ આગળ વધવાનો જુસ્સો જાળવી શકાતો હોવાનું વિક્રાંતે કહ્યું હતું.

### વર્કઆઉટના વીડિયોની ટીકા કરનારને સામંથાનો સણસણતો જવાબ


# ‘સમજી વિચારીને બોલો’: હેટર્સ પર સામંથાનો ગુસ્સો ઠલવાયો

**સામંથા રુથ પ્રભુએ ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો મૂક્યો છે, જેમાં એ જિમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે**

દક્ષિણ ભારતીય ફિલ્મોની જાણીતી અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ પોતાના લગ્ન પછીથી ચર્ચામાં રહે છે. કેટલાક દિવસો પહેલા અભિનેત્રી પોતાના વેકેશનમાંથી પરત આવી છે અને આવતા જ સોશ્યલ મીડિયા પર હલચલ મચી હતી. દક્ષિણ ભારતીય સુપરસ્ટાર સામંથા પોતાની શારીરિક ફિટનેસને કારણે ચર્ચામાં રહે છે. સામંથા રુથ પ્રભુએ ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો મૂક્યો છે, જેમાં એ જિમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. પરંતુ આ વીડયોના કેપ્શન સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. અભિનેત્રી સામંથા પોતાના રંગ-રુપ અંગે ખોટી વાત સાંભળીને ગુસ્સે ભરાઈ ગઈ, પછી તેણે હેટર્સને સંભળાવી પણ દીધું. ખાસ કરીને એ મેસેજ એ લોકો માટે છે જે સામંથાને ‘પાતળી’ કે ‘બીમાર’ કહે છે. સામંથાએ જિમમાં કસરત કરતી વખતે પુલઅપનો એક વીડિયો શેર કર્યો. આ શેર કરતા જ સામંથાએ લોકોને પડકાર ફેંક્યો કે એ તેના શરીર કે તેના સ્વાસ્થ્યની ટીકા કરતા પહેલા ઓછામાં ઓછા ત્રણ પુલઅપ કરે. સામંથાએ લખ્યું કે, ‘આ વાત છે. તમે મને દુબળી, બીમાર કે આવું કશુંય કહી શકો નહીં, જ્યાં સુધી તમે ત્રણ પુલઅપ પહેલા કરી લો નહીં. જો તમે આમ કરી શકો નહીં... તો લાઈનોની વચ્ચેમાં વાંચો અને સમજી વિચારીને બોલો.’આ પહેલીવર નથી, જ્યારે સામંથાએ પોતાના વજન કે લુક પર ટિપ્પણીઓનો જવાબ આપવો પડ્યો છે. ગત વર્ષે નવેમ્બરમાં પણ અભિનેત્રીએ એક સોશ્યલ મીડિયા પોસ્ટનો જવાબ આપ્યો હતો, જેમાં સામંથાને વજન વધારવા અને બલ્કઅપ કરવા કહેવામાં આવ્યું હતું. ત્યારે પણ સામંથાએ લખ્યું હતું કે, તમને લોકોને ખબર હોવી જોઈએ, હું એક સખત એન્ટી-ઈન્ફલેમેટરી ડાઈટ લઈ રહી છું જે મારી સ્થિતિ માટે જરુરી છે, જે મને વજન રોકવથી રોકે છે. એક નિશ્ચિત વજન મર્યાદમાં રાખે છે જે મારી સ્થિતિને યોગ્ય કરે છે. સાથે જ સામંથાએ લોકોને પોતાને જજ નહી કરવા કહ્યું હતું.


# ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’ ફેમ કપલ લતા અને સંજીવ સેઠ ૧૬ વર્ષે અલગ થયાં

ટીવી સિરીયલ ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’થી ઘર ઘરમાં જાણીતાં થયેલાં કલાકાર દંપતિ લતા સબરવાલ અને સંજીવ સેઠ ૧૬ વર્ષ લાંબા લગ્ન જીવન પછી હવે અલગ થઈ ગયાં છે. લતાએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર પોતાના ફોલોવર્સને જણાવ્યા હતા. લતાએ ઈન્સ્ટાગ્રામ પર સંજીવ સેઠથી અલગ થયાના સમાચાર આપતાં લખ્યું, ‘‘એક અતિ લાંબા મૌન પછી..હું લતા સબરવાલ એ જાહેર કરું છું કે હું મારા પતિ સંજીવ સેઠથી અલગ થઈ ગઈ છું. મને એક વ્હાલો દિકરો આપવા માટે હું એમની આભારી છું. હું એમનાં ભવિષ્યના જીવન માટે શુભેચ્છાઓ આપું છું. હું દરેકને વિનંતિ કરું છું કે મારા અને મારા પરિવારના આ સમયને માન આપો અને આ અંગે પૂછવા માટે કોઈ કોલ કે મેસેજ કરશો નહીં. આભાર.’’ સિરીયલમાં લતા અને સંજીવ અક્ષરાના એટલે કે હિના ખાનના માતા-પિતાના રોલમાં જોવા મળતાં હતાં. આ ટીવીના સૌથી લાંબા ચાલેલાં શોમાંનો એક હતો. તેઓ શોના સેટ પર જ મળ્યાં હતાં અને ૨૦૦૯માં લગ્ન કર્યાં હતાં. તેમને આરવ નામનો એક દિકરો પણ છે. લતા પહેલાં સંજીવે રેશમ ટિપનિસ સાથે ૧૯૯૩માં લગ્ન કર્યા હતાં. તેઓ ૨૦૦૪માં અલગ થયાં હતાં, તેમની રિશિકા નામની દિકરી અને માનવ નામનો દિકરો છે. લતા અને સંજીવે ૨૦૧૩માં નચ બલિયે ૬ શોમાં પણ ભાગ લીધો હતો. લતા આ સિરીયલ સિવાય કેટલીક ફિલ્મમાં પણ યાદગાર રોલમાં જોવા મળી છે, જેમ કે ‘વિવાહ’ ફિલ્મમાં તેનો ભાવનાનો રોલ ઘણો જાણીતો છે. ૨૦૨૧માં તેણે ટીવીમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી કારણ કે તે ડિજીટલ પ્લેટફર્મ પર ધ્યાન આપવા માગતી હતી. જ્યારે સંજીવ કેટલીક સિરીયલ ઉપરાંત પહેલી વખત ‘મહારાજ’ સિરીયલમાં જોવા મળ્યા હતા.



# દર્શિલ સફારીએ કહ્યું, મને આમીર ખાન પાસે કામ માંગતા શરમ આવે

આજકાલ આમિર ખાન તેની ફિલ્મ સિતારે જમીન પર માટે સમાચારમાં છે, આ બહાને લોકો હજુ પણ તારે જમીન પર વિશે વાત કરે છે. આ ફિલ્મમાં, આમિર ખાન સાથે દર્શિલ સફારી મુખ્ય ભૂમિકામાં હતો, જે આજે મોટો થયો છે. જોકે, તારે જમીન પર પછી દર્શિલને વધારે કામ મળ્યું નહીં અને આ અંગે વાતચીત દરમિયાન તેણે ખુલાસો કર્યો કે તે આમિર ખાન પાસેથી કામ કેમ નથી માંગતો. દર્શિલે કહ્યું કે કોવિડ પછી તેને જે પણ પ્રોજેક્ટ મળ્યા, તે તેને કોઈ સંપર્ક વિના મળ્યા. તેણે આમિર ખાનની ફિલ્મ સિતારે જમીન પર વિશે પણ વાત કરી, જેને તેની ફિલ્મ તારે જમીન પરની સિક્વલ માનવામાં આવી રહી છે.દર્શિલે કહ્યું, ‘લોકો ખૂબ જ આશ્ચર્યચકિત છે કે મેં ફરી ક્યારેય આમિર ખાન પાસેથી કામ માંગ્યું નહીં.’ દર્શિલે કહ્યું, ‘કોવિડ પછી મેં જે પણ





કામ કર્યું તે સંપર્ક વિનાનું હતું. ઓડિશનથી લઈને સ્ક્રીન ટેસ્ટ સુધી, આ સમગ્ર પ્રક્રિયા દ્વારા હું સમજી શક્યો કે હું આ ભૂમિકા કરી શકીશ કે નહીં. નિર્માતાઓ અને દિગ્દર્શકોને પણ મારી ક્ષમતા વિશે ખબર પડી. લોકોને આશ્ચર્ય થાય છે કે મેં આમિરને ફરીથી કામ માટે પૂછ્યું નહીં. મને આ કરવામાં શરમ આવે છે. તે મારો ભાઈ નથી કે હું તેને ફોન કરીને મને સ્ક્રિપ્ટ આપવા માટે કહી શકું. ‘‘હું ફક્ત તેમના જન્મદિવસ પર તેમને મેસેજ કરું છું, બસ એટલું જ.’’‘તારે જમીન પર’ ૨૦૦૭ માં રિલીઝ થઈ હતી. આમિરે આ ફિલ્મનું દિગ્દર્શન જ નહોતું કર્યું પણ તે તેના નિર્માતા પણ હતા. આમિર અને દર્શિલ ઉપરાંત, વિપિન શર્મા અને ટિસ્કા ચોપરા પણ આ ફિલ્મમાં હતા. ‘તારે જમીન પર’ ને તેનો બીજો ભાગ માનવામાં આવી રહ્યો છે. આ ફિલ્મ ગયા અઠવાડિયે રિલીઝ થઈ હતી.

# કાજુ, બદામ કરતા પણ મોંઘા છે સોનામોતી પ્રકારના ઘઉં

**મહેસાણા જિલ્લાના ખેડૂતોએ પણ હવે આધુનિક અને પ્રાકૃતિક રીતે ખેતી કરી સારું ઊત્પાદન ઓછા ખર્ચમાં મેળવી રહ્યા છે**







મહેસાણા જિલ્લાના મૂળ દેણપ ગામના ખેડૂત સુથાર રમેશભાઈ છેલ્લા ઘણા વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યાં છે. છેલ્લા બે વર્ષથી તેઓ સોનામોતી પ્રકારના ઘઉંની જાતનું વાવેતર કરી રહ્યાં છે અને ઘઉંનું પ્રાકૃતિક રીતે વાવેતર કરે છે. જેમાં ફોલિક એસિડ તત્વનું પ્રમાણ વધારે હોય છે, જેના કારણે ભાવ સામાન્ય ઘઉં કરતા બે થી ત્રણ ગણા વધારે મળે છે. અન્ય ઘઉં કરતા ઉત્પાદન ઓછું થાય છે. પરંતુ ભાવ વધારે મળે છે.

મહેસાણા જિલ્લાના ખેડૂતોએ પણ હવે આધુનિક અને પ્રાકૃતિક રીતે ખેતી કરી સારું ઊત્પાદન ઓછા ખર્ચમાં મેળવી રહ્યા છે. મહેસાણા જિલ્લાનાં ઉંઝા તાલુકાના કરલી ગામનાં ખેડૂત રમેશભાઈ સુથાર પ્રાકૃતિક રીતે ખેતી કરે છે. આ વર્ષે તેઓએ સોના મોતી પ્રકારના ઘઉંનું વાવેતર કર્યું છે. ખેડુતે વાત કરતા જણાવ્યું હતું કે, આ સોનામોતી ઘઉંનું બિયારણ ૨૦૦૦ થી ૨૫૦૦ રૂપિયા મણના ભાવે મળે છે. આ ઘઉં દેખાવે ગોળ હોય છે. આની ઉંબી સામાન્ય ઘઉં કરતાં નાની હોય છે અને એક થી બે મહિનાના તબક્કામાં જોઈને કોઈ ના કહી શકે કે, આ ઘઉંનું વાવેતર છે. કારણ કે દેખાવે તે સામાન્ય રીતે ડાંગર જેવો લાગે છે. સામાન્ય રીતે મહેસાણા વિસ્તારમાં ઘઉંની લોકવન, ૪૯૬,૪૫૧ પ્રકારની જાતનું વાવેતર થાય છે. સોનામોતી ઘઉંની ખેતી ખાસ કરીને મધ્યપ્રદેશ અને સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં કરવામાં આવે છે. આ ઘઉંની ઊંબી સામાન્ય ઘઉં કરતાં નાની હોય છે. પરંતુ એક વિઘામાં ૩૫ મણ જેટલું ઉત્પાદન થાય છે. જેની સામે લોકલ વેરાઈટી એક વિઘા માં ૪૦ થી ૪૫ મણ જેટલું ઉત્પાદન આપતા હોય છે. એક વિઘામાં ૨૦ કિલો બિયારણની જરૂર પડે છે. તેમજ પાંચથી સાતા પિયતની જરૂર રહે છે અને ૧૦ થી ૧૨ હજારનો ખર્ચ થાય છે. સોનામોતી પ્રકારના ઘઉં ખાસ કરીને ફોલિક એસિડ વધારે ધરાવતા હોય છે. સગર્ભા મહિલાઓ માટે ખૂબ જ ઉપયોગી છે અને સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ ગણાય છે. પ્રતિ વિઘે સામાન્ય ઘઉં કરતા ૧૦ મણ જેટલું ઉત્પાદન ઓછું થાય છે. પરંતુ ભાવ વધુ મળે છે. એક મણ ઘઉંના ભાવ ૨૦૦૦ રૂપિયાથી લઈને ૨૫૦૦ રૂપિયા ભાવ મળે છે. અન્ય ઘઉં કરતા વધુ મળે છે.

**ઉત્પાદન ઓછું છતાં ભાવ મળે બમ્પર**

**આઈઆઈટી જોધપુરના વિદ્યાર્થીઓની અનોખી શોધ**

# પાણી અને હવામાં કામ કરી શકે એવું ડ્રોન બનાવાયું

**દરિયા કિનારા અને નદીઓ પર ઓઈલ લીકને પકડી પાડશે**




દેશની આઈઆઈટી સંસ્થાઓના વિદ્યાર્થીઓએ અનેકવાર અવનવી શોધો કરતા રહે છે જેના ભરપૂર વખાણ પણ થાય છે. હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) જોધપુરના વિદ્યાર્થીઓએ અનોખી શોધ કરી છે. આઈઆઈટીજોધપુરના વિદ્યાર્થીઓએ સાથે મળીને એક ફ્લાઈંગ (ઉડતું) ડ્રોન બનાવ્યું છે જેની કલ્પના લોકો સપનામાં કરતા હતા.

વિજ્ઞાનની ભાષામાં કહીએ તો વિદ્યાર્થીઓએ એક રોબસ્ટ કન્ટ્રોલ સિસ્ટમ ડિઝાઈન કરી છે જે પાણી અને હવા બંનેમાં કામ કરવામાં સક્ષમ છે. આ હાઈબ્રિડ ડ્રોન ખૂબ જ ઉપયોગી છે. તે દરિયા કિનારા અને નદીઓ પર ઓઈલ લીકને પણ પકડી પાડશે. આ સાથે તે પાણીની અંદરના ધોવાણ અને પાણીમાં પ્રદૂષકોના સ્તરને શોધી શકશે.

આ ડ્રોનને ચલાવવા માટે એક મેથેમેટિકલ સિસ્ટમ તૈયાર કરવામાં આવી હતી જેથી કરીને આ સંશોધનને વધુ કાર્યક્ષમ બનાવી શકાય. તેનો ઉપયોગ લાઈફગાર્ડ બચાવ કામગીરીમાં કરી શકાશે. આ ઉપરાંત તે પાણીની અંદર અને એરિયલ ફોટોગ્રાફી પણ કરી શકશે. આઈઆઈટીજોધપુરની ટીમે આ ડ્રોનને એનહિંગાસ પક્ષીથી પ્રેરણા લઈને બનાવ્યું છે, જે જમીન અને પાણીની નીચે બંને જગ્યાએ ચાલવા સક્ષમ છે. તેના આધારે રિસર્ચ ટીમે વોટરપ્રૂફિંગથી બનેલો ૩-ડી પ્રોટોટાઈપ બનાવ્યો હતો. આ સાથે રિમોટ કંટ્રોલ (RC) ટ્રાન્સમિશનનો ઉપયોગ કરીને હવામાં, પાણીની સપાટી પર અને પાણીની અંદર આ ડ્રોનના પ્રોટોટાઈપનું પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું.

જે પેપરમાં આ રિસર્ચનો ઉલ્લેખ કરાયો છે તે આઈઆઈટી જોધપુરના ડો. જયંત કુમાર મોહંતા અને રિસર્ચ વિજ્ઞાની જય ખત્રી, આઈઆઈટી કાનપુરના પ્રોફેસર સંદીપ ગુપ્તા અને આઈઆઈટી પલક્કડના પ્રોફેસર સંતકુમાર મોહન દ્વારા લખવામાં આવ્યું છે. આઈઆઈટીજોધપુરના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના સહાયક પ્રોફેસર ડૉ. જયંત કુમાર મોહંતાએ જણાવ્યું હતું કે આ પ્રોટોટાઈપ પાણી પર જહાજની જેમ આગળ વધી શકે છે, હવામાં ઉડી શકે છે અને પાણીમાં ડૂબી જાય ત્યારે પણ નેવિગેટ કરી શકે છે. હાલમાં તે ૧૫ મિનિટ ઉડી શકે છે અને ૮ કલાક પાણીની અંદર રહી શકે છે. આ ટેક્નોલોજી હાલમાં અમેરિકા અને ચીન જેવા ખૂબ જ ઓછા દેશો પાસે છે.

# કુંડળીમાં કાલસર્પ દોષ હોવાના કારણે ભગવાન કૃષ્ણ ધારણ કરતા હતા મોરપંખ

કૃષ્ણના ભક્તો હંમેશા એમને પ્રસન્ન રાખવા અને એમની કૃપા મેળવવા માટે પૂર્ણ શ્રદ્ધાથી એમની પૂજા કરે છે. જો તમે પણ ભગવાન શ્રીકૃષ્ણના ભક્ત છો તો તમને ચોક્કસ ખબર હોવી જોઈએ કે ભગવાન કૃષ્ણ માથા પર મોર પંખ શા માટે ધારણા કરતા હતા. એની પાછળ કઈ પ્રચલિત કથા છે. તેઓ મોરના પીંછા દ્વારા મિત્ર અને દુશ્મન વચ્ચેનો ભેદ દૂર કરવા માંગે છે. ભગવાન શ્રી કૃષ્ણના ભાઈ બલરામ શેષનાગનો અવતાર છે અને મોર સાપનો શત્રુ છે, જેના કારણે શ્રી કૃષ્ણ અનુસાર તેમના માટે દરેક સમાન છે. ભગવાન શ્રી કૃષ્ણ તેમના માથા પર મોરપંખ પહેરે છે કારણ કે મોર આ વિશ્વનું સૌથી પવિત્ર અને સુંદર પક્ષી છે. એવું કહેવાય છે કે મોર જીવનભર બ્રહ્મચર્યનું પાલન કરે છે. એવું માનવામાં આવે છે કે મોરનાં આંસુ પીવાથી મોર ગર્ભ ધારણ કરે છે, તેથી, મોર જેવા પવિત્ર પક્ષીનું સન્માન કરવા માટે, શ્રી કૃષ્ણ તેમના માથા પર મોરપંખ પહેરે છે. એવું પણ માનવામાં આવે છે કે ભગવાન કૃષ્ણની કુંડળીમાં કાલસર્પ દોષ હતો. એવું કહેવાય છે કે આ કારણે જ ભગવાન શ્રી કૃષ્ણ પોતાના માથા પર મોરપંખ ધારણ કરે છે કારણ કે મોરપંખ પહેરવાથી કાલસર્પ દોષ પણ દૂર થાય છે. ભગવાન કૃષ્ણે પોતાના માથા પર




મોરપીંછ ધારણ કર્યું છે કારણ કે મોરના પીંછામાં અનેક રંગો હોય છે. જે જીવનમાં સુખી અને દુઃખી બંને અવસ્થાઓ દર્શાવે છે. આવી સ્થિતિમાં જીવનને મોરના પીંછાની જેમ જીવવું જોઈએ. જેમાં દરેક રંગ એટલે કે દરેક અવસ્થાનું હોવું જરૂરી છે. ભગવાન કૃષ્ણ આ સંદેશ સાથે તેમના માથા પર મોરપીંછ ધારણ કરે છે. આ સિવાય એવું પણ માનવામાં આવે છે કે બાળપણમાં માતા યશોદાએ ભગવાન કૃષ્ણને તૈયાર કરતી વખતે વખતે મોરના પીંછાનો ઉપયોગ કર્યો હતો.

**મોરના પીંછા દ્વારા મિત્ર અને દુશ્મન વચ્ચેનો ભેદ દૂર કરવા માંગે છે, ભગવાન શ્રી કૃષ્ણના ભાઈ બલરામ શેષનાગનો અવતાર છે**



ઘણા ધાર્મિક વિદ્વાનો માને છે કે મોરનું પીંછા એ ભગવાન કૃષ્ણ અને રાધાજી વચ્ચેના પ્રેમનું પ્રતીક છે. એકવાર શ્રી કૃષ્ણ અને રાધાજી મહારાસ કરી રહ્યા હતા ત્યારે મોરનું ટોળું પણ તેમની સાથે નાચતું હતું. આવી સ્થિતિમાં મોરનું એક પીંછું તૂટીને જમીન પર પડ્યું, જેને શ્રી કૃષ્ણએ પાછળથી પોતાના માથા પર ધારણ કર્યું અને પછી તેને કાયમ માટે રાખ્યું.



**બંને વચ્ચે વાતચીત થઈ, સંબંધીઓ સાથે વાત કરીને બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવામાં આવ્યું હતું**

# દુલ્હને જેવો વરરાજાને જોયો કે તરત લગ્ન કરવાની ના પાડી દીધી

ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદ પોલીસ સ્ટેશન શમસાબાદ વિસ્તારમાં ઉમરલાયક વરરાજાને જોઈને લગ્ન કરવાની દુલ્હને ના પાડી દીધી, તેને લઈને રિપોર્ટ આવ્યો છે. આ ઘટના બાદ બંને પક્ષમાં મારામારી થઈ ગઈ હતી. પોલીસે બંને પક્ષને સમજાવીને ફેરા લેવડાવ્યા હતા. ત્યાર બાદ વરરાજા સાથે દુલ્હનની વિદાય કરવામાં આવી હતી. શમસાબાદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં દુબરી ગામમાં મંગળવારે અલીગંજના સરૌઠ ગામનો વરરાજો રંજીત જાન લઈને આવ્યો હતો. ડુબરીના રહેવાસી એક યુવતી સાથે તેના લગ્ન થવાના હતા. વરમાળા દરમ્યાન ઉંમરલાયક વરને જોઈને યુવતીએ લગ્ન કરવાની ના પાડી દીધી હતી. તેને લઈને વર અને કન્યા પક્ષ વચ્ચે મારામારી શરુ થઈ ગઈ હતી. વર પક્ષે તેની સૂચના ચિલસરા ચોકી અને યૂપી ૧૧૨ પર આપી હતી. સૂચના મળતા જ પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. બંને વચ્ચે વાતચીત થઈ. સંબંધીઓ સાથે વાત કરીને બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવામાં આવ્યું હતું. પોલીસની હાજરીમાં વરમાળાનો કાર્યક્રમ પુરો થયો. સવારે ફેરા લેવાના સમયે વિવાદ થયો હતો. જાણકારી મળતા પોલીસ ફરીથી ઘટનાસ્થળે આવી ગઈ. બંનેએ બાદમાં ફેરા લીધા. ત્યાર બાદ રજની પતિ રંજીત સાથે સાસરિયે ગઈ. ચિલસરા ચોકી ઈન્ચાર્જ લક્ષ્મણ સિંહે જણાવ્યું છે કે, લગ્નમાં બોલાચાલી થતાં બંને પક્ષમાં વિવાદ થઈ ગયો હતો.

# શું આ પરિવાર શ્રાપિત છે? પાંચ વર્ષની ઉંમરે જતી રહે છે દ્રષ્ટિ

**જેમ જેમ તે પાંચ વર્ષના થાય છે તેમ તેમ તેની આંખોની રોશની ધીમે ધીમે ઓછી થવા લાગે છે**



ઈશ્વરે ખૂબ જ સમજી વિચારીને માણસની રચના કરી છે. એક શરીરમાં ટકી રહેવા માટે જરૂરી તમામ વસ્તુઓને જોડીને માણસનું સર્જન થયું છે. નાક શ્વાસ માટે અને આંખો જોવા માટે બનાવવામાં આવી હતી. ઘણી વખત કેટલાક લોકો આ ગુણો વગરના હોય છે. કેટલાક જન્મથી જ અંધ હોય છે. પરંતુ હાલમાં જ સોશિયલ મીડિયા પર એક એવા પરિવાર વિશે શેર કરાયુ છે જ્યાં લોકો જન્મથી અંધ નથી. બાળકો પાંચ વર્ષના થાય કે તરત જ તેમની આંખોની રોશની ધીરે ધીરે ઓછી થઈ જાય છે. વીડિયો જોયા બાદ ઘણા લોકોએ તેને આનુવંશિક રોગ સાથે જોડી દીધો. એક જ પરિવારની આવતી તમામ પેઢી અંધ બની રહી છે, તેને જીન્સ સાથે સંબંધ છે. પરિવાર દર વર્ષે મોટો થતો જાય છે. તેના સભ્યોને લાગે છે કે, કદાચ એવું બાળક જન્મે જે અંધ ન હોય. આ આશામાં પરિવારની વસ્તી સતત વધી રહી છે. આ પરિવારની કહાની જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. આ વીડિયો જોયા પછી બધા ચોંકી ગયા છે. વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ પરિવારના તમામ લોકો અંધ છે. લોકો ચર્ચા કરી રહ્યા છે કે, આ કોઈ રોગ અથવા શ્રાપને કારણે છે. અહીં જન્મ સમયે બાળકોની દૃષ્ટિ સારી હોય છે. પરંતુ જેમ જેમ તે પાંચ વર્ષના થાય છે તેમ તેમ તેની આંખોની રોશની ધીમે ધીમે ઓછી થવા લાગે છે. થોડીવારમાં જ બાળક અંધ બની જાય છે. પરિવારના પુત્રએ તેમની વાર્તા શેર કરી.

તે વીડિયોમાં કહી રહ્યો છે કે, તેના દાદા અંધ હતા. આ સિવાય દાદી, માતા-પિતા, પોતે અને પરિવારમાં જન્મેલા તમામ બાળકો પાંચ વર્ષના થતાં જ અંધ બની જાય છે. આનું કારણ શું છે તે આજ સુધી કોઈ જાણી શક્યું નથી. બધા એક જ ઘરમાં સાથે રહે છે. ઘરનું કામ ઘરની વહુઓ કરે છે.

# ૧૧૧ સ્ટેશન પર રોકાયા બાદ પણ પરફેક્ટ ટાઈમે પહોંચે છે ટ્રેન

**ટ્રેન પશ્ચિમ બંગાળના હાવડા સ્ટેશનથી સાંજના ૭ વાગ્યેને ૧૫ મિનિટ પર ચાલે છે, ત્રીજા દિવસે સવારે ૮ વાગ્યે ૪૦ મિનિટ પર અમૃતસર પહોંચે છે**



શું તમે દેશની એ ટ્રેન વિશે જાણો છો, જે સૌથી વધારે સ્ટેશન પર રોકાય છે. આ એ ટ્રેન છે, જે ૧૦,૨૦ અથવા ૩૦ નહીં પણ પુરા ૧૧૧ સ્ટેશનો પર રોકાયને યાત્રીઓને ઉતારે છે અને ચડાવે છે. ખાસ વાત એ છે કે, સોથી વધારે રેલવે સ્ટેશન પર રોકાયા બાદ પણ આ ટ્રેન રાઈટ ટાઈમ પર આવે છે. આ ટ્રેનનું નામ હાવડા-અમૃતસરની વચ્ચે ચાલે છે. ટ્રેન ૧૯૧૦ કિમીનું અંતર કાપે છે. હાવડાથી અમૃતસરનું આ અંતર હાવડા-અમૃતસર મેલ લગભગ ૩૭.૩૦ કલાકમાં કાપે છે. તેને આ સફર પુરા કરવામાં બે રાત અને એક દિવસનો સમય લાગે છે. આ ગાડી પશ્ચિમ બંગાળ, બિહાર, યૂપી, હરિયાણા થતાં પંજાબના ઐતિહાસિક શહેર અમૃતસર પહોંચે છે. અમૃતસરથી તે હાવડા માટે રવાના થાય છે. આ ગાડી આસાનસોલ, બર્ધમાન, પટના જંક્શન, બક્સર, વારાણસી, લખનઉ, બરેલી, અંબાલા, લુધિયાણા અને જાલંધર જેવા પ્રખ્યાત રેલવે સ્ટેશન સહિત ૧૧૧ સ્ટેશન પર રોકાય છે. આ ટ્રેન પશ્ચિમ બંગાળના હાવડા સ્ટેશનથી સાંજના ૭ વાગ્યેને ૧૫ મિનિટ પર ચાલે છે. ત્રીજા દિવસે સવારે ૮ વાગ્યે ૪૦ મિનિટ પર અમૃતસર પહોંચે છે. ૧૩૦૦૫ હાવડા-અમૃતસર મેલના સ્લીપર ક્લાસનું ભાડુ ૬૯૫ રૂપિયા છે. આવી જ રીતે થર્ડ એસીનું ભાડું ૧૮૭૦ રૂપિયા અને સેકન્ડ એસીનું ૨૭૫૫ રૂપિયા છે. ફર્સ્ટ ક્લાસનું ભાડુ ૪૮૩૫ રૂપિયા છે. જનરલ કોચનું ભાડુ ૪૦૦ રૂપિયા છે. ભારતની સૌથી લાંબા રુટ પર ચાલતી ડિબ્રુગઢ-કન્યાકુમારી વિવેક એક્સપ્રેસ ૪૨૩૪ કિમીનું અંતર કાપે છે. તે પોતાના રસ્તામાં કુલ નવ રાજયોમાંથી પસાર થાય છે પણ તેમ છતાં તે ૫૯ રેલવે સ્ટેશનો પર જ રોકાય છે. આ ટ્રેન આસામ, નાગાલેન્ડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, કેરલ અને તમિલનાડૂમાંથી થઈને પસાર થાય છે.

## હાઈકોર્ટે ગુજરાત સરકારની કામગીરી સામે નારાજગી દર્શાવી

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

વડોદરાના ગંભીરા બ્રિજ તૂટી પડવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને માર્ગ મકાન વિભાગની આકરી ઝાટકણી કાઢી છે. વધુ એક પુલ તૂટવાની ઘટનાથી નારાજગી વ્યક્ત કરતા હાઈકોર્ટે પુલના ઈન્સ્પેક્શનની કામગીરી પર ધારદાર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે માર્ગ અને મકાન વિભાગની કામગીરી મુદ્દે ભારે અસંતોષ વ્યક્ત કર્યો હતો. હાઈકોર્ટે ખાસ કરીને ચોમાસા પહેલા અને પછી પુલનું ઈન્સ્પેક્શન કરવાનું હોવા છતાં આ દુર્ઘટના શા માટે ઘટી તે અંગે સવાલ કર્યો હતો. રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલે હાઈકોર્ટ સમક્ષ માફી માંગી હતી. તેમણે કોર્ટને માહિતી આપી હતી કે હાલ તમામ સંબંધિત અધિકારીઓ પાસેથી તપાસ રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે.

# અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૬૪ વિદ્યાસહાયકોને નિમણૂક હુકમ એનાયત કરાયા



। અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત રાજ્ય પાથમિક શિક્ષણપસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યમાં ચાલી રહેલ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત અમદાવાદ જિલ્લાનો સ્થળ પસંદગી કેમ્પ તારીખ ૧૭/૦૭/૨૦૨૫ના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લામાં ધોલેરા, ધંધુકા સહિતના તાલુકાઓની પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોની ખાલી રહેલ જગ્યાઓ પર ૬૪ જેટલા ઉમેદવારોને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગ્પાલસિંહ ચુડાસમાના વરદ હસ્તે નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા. ચેરમેનશ્રી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કૃપાબેન જહા દ્વારા શિક્ષકોને અભિનંદન પાઠવી તેમની ફરજો ઉત્કૃષ્ટ રીતે બજાવવા તથા શિક્ષક તરીકેની ગરિમા જાળવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૧૮ ।

રાજ્યમાં આ વર્ષે ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં મેઘરાજા મહેરબાન થયા છે. રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે અને વરસાદનું જોર ઘટ્યું છે. રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં આગામી સાત દિવસ મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. અમદાવાદ, ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

### ફરાર રિક્ષા ચાલકને પણ ઝડપી લેવામાં આવ્યો

# ત્રણ મહિલા હોમગાર્ડ જવાન પર રિક્ષા ચાલકે કર્યો એસિડ એટેક

### કલોલ ઓવરબ્રિજ નીચે ત્રણ મહિલા હોમગાર્ડ પોતાની ફરજ નિભાવી રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલક સાથે માથાકૂટ થઈ હતી

। (એજન્સી) કલોલ, તા.૧૮ ।

શહેરના છત્રાલ વિસ્તારમાં ચકચારી ઘટના સામે આવી છે. છત્રાલ ઓવરબ્રિજ નીચે આજે સવારના સમયે ત્રણ મહિલા હોમગાર્ડ પોતાની ફરજ નિભાવી રહ્યા હતા. આ દરમિયાન એક રિક્ષા ચાલક સાથે માથાકૂટ થતા હોમગાર્ડ જવાનો ચાલકને છત્રાલ પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. આ રિક્ષા ચાલકને ત્યાં સોંપીને ફરજ પર પરત આવી ગયા હતા. થોડા સમય બાદ આ રિક્ષા ચાલકે ફરીથી જ્યાં હોમગાર્ડ જવાનો ઉભા હતા ત્યાં આવીને એસિડ વડે હુમલો કર્યો હતો. જેનાથી ત્રણ મહિલાકર્મી દાઝી ગયા હતા. હાલ આ લોકોને કલોલના સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યાં તેમની સારવાર થઈ રહી છે. ફરાર રિક્ષા ચાલકને પણ ઝડપી લેવામાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, કલોલના છત્રાલ ઓવરબ્રિજ નીચે આજે સવારના સમયે મહિલા હોમગાર્ડ્સ પોતાની ફરજ નિભાવી રહ્યા હતા. ત્યારે એક રીક્ષા આડી પડી હોવાથી મહિલા હોમગાર્ડે રિક્ષા ચાલકને તેની રિક્ષા લઈ લેવાનું કહેતા માથાકૂટ થઈ હતી. જેથી હોમગાર્ડ જવાનો આ રિક્ષા ચાલકને તેની રિક્ષા સાથે છત્રાલ ચોકીમાં લઈ ગયા હતા. જ્યાં રિક્ષા ચાલકને પોલીસને સોંપીને આ તમામ હોમગાર્ડ ફરીથી પોતાની ફરજ બજાવવા ઓવર બ્રિજ નીચે આવી ગયા હતા. ત્યારે અડધો કલાક બાદ મનમાં ખાર રાખીને રિક્ષા ચાલક હાથમાં એસિડનો બોટલ લઈને આવીને મહિલા હોમગાર્ડ કાંઈ સમજે તે પહેલા તેમની ઉપર એસિડ વડે એટેક કરી દીધો હતો.

એસિડ છાંટવા લાગતા મહિલાઓ પોતાનો જીવ બચાવવા માટે ભાગી છૂટી હતી. આ દરમિયાન ભાવનાબેન નામની મહિલા ભાગવા જતા તેમને મોઢાના ભાગે અને બરડાના ભાગે એસિડ પડતા દાઝી ગયા હતા. તેમની સાથે અન્ય મહિલાઓ ઉપર પણ એસિડના છાંટા પડતા તે પણ દાઝ્યા હતા.

## અમદાવાદમાં ટ્રાફિક નિયમોનું પાલન ન કરે તો વાહન જપ્ત કરો

।(એજન્સી) અમદાવાદ, તા.૧૮।

અમદાવાદ શહેરમાં ટ્રાફિકને લઈને સમસ્યા જોવી મળી રહી છે. આ સમસ્યા હલ કરવા હાઈકોર્ટે સરકારને સૂચન કર્યું છે. કોઈ નિયમોનું પાલન ન કરે તો વાહન જપ્ત કરવાની કામગીરી કરો જેવા વગેરે સૂચનો હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યા છે. શહેરમાં ટ્રાફિકને લઈને સમસ્યાને લઈને હાઈકોર્ટે સરકારનું ધ્યાન દોર્યું છે. જો તમે રોંગ સાઈડમાં વાહન ચલાવ્યું તો જપ્ત થશે. પિક અવર્સમાં ભારે વાહન પર પ્રતિબંધનો અમલ અમલ કરાવો. કાયદાનું પાલન કરાવવું પોલીસની ફરજ.

### લગ્નની લાલચ આપી ૪ વર્ષ સુધી આબરું લૂંટી

# અમદાવાદની યુવતીને લિવ-ઇનમાં રહેવાનું ભારે પડ્યું

।(એજન્સી) અમદાવાદ, તા.૧૮।

શહેરના નરોડા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સાથે પાડોશમાં ચાર વર્ષ પહેલાં હિરેન અશ્વિનભાઈ શાહ રહેવા આવ્યો હતો. હિરેન પરિણીત હોવા છતાં મોનાને મેસેજ કરતો અને સમય જતાં બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. પરંતુ હિરેન પરિણીત હોવાથી લગ્ન થઈ શકે તેમ ન હતા. જેથી હિરેને યુવતીને ખોટો વાયદો કરી જણાવ્યું હતું કે, તેને પત્ની સાથે મારે મનમેળ નથી તેથી હું તેને છૂટાછેડા આપી તારી સાથે લગ્ન કરીશ. જેથી યુવતીએ હિરેન પર વિશ્વાસ મુક્યો હતો. આ દરમિયાન ૧૧ એપ્રિલ ૨૦૨૧ના રોજ યુવતી નરોડા વિઠ્ઠલપ્લાઝા પાસે આવેલા એક ફ્લેટમાં હિરેન સાથે રહેવા જતી રહી હતી. ત્યારે હિરેને એક મૈત્રી કરાર કરી લીધો હતો અને થોડા સમય બાદ પત્નીને છૂટાછેડા આપી લગ્ન કરી લઈશું તેમ જણાવ્યું હતું. પછી મોના ત્યાં રહેવા લાગી હતી આ દરમિયાન લગ્નની લાલચ આપી હિરેન અવારનવાર મોના સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. પરંતુ ચાર વર્ષ થયા છતાં યુવતી સાથે હિરેને લગ્ન કર્યા નહીં અને પત્નીને છૂટાછેડા પણ આપ્યા નહોતા. જેથી યુવતીએ હિરેનને લગ્ન કરવા કહેતી હતી. ત્યારે હિરેન ઉશ્કેરાઈ જતો અને યુવતીને માર મારતો હતો.

## ભાવનગરના કાળિયાબીડમાં કારે અડફેટે લેતા બેના કરૂણ મોત

। ભાવનગર, તા.૧૮ ।

શહેરના કાળિયાબીડમાં શક્તિમાના મંદિર પાસે બેકાબુ કારે પાંચ લોકોને અડફેટે લીધાં હતા. આ બનાવમાં બે લોકોના મોત નિપજ્યા છે. બનાવ અંગે નિલમબાગ પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.બનાવની મળતી માહિતી પ્રમાણે શહેરના કાળિયાબીડમાં શક્તિમાના મંદિર પાસે બપોરે ૪ કલાકના અરસામાં બેકાબુ થયેલી જીજે-૧૪-એપી-૯૬૧૪ નંબરની કારે કુલ પાંચ લોકોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો.

### જૂનાગઢમાં ગ્રાહકોને પહોચાડવાનાં બદલે ફોન પોતે રાખી લીધા

# ઓનલાઈન ડિલીવરી કરતી કંપનીના કર્મચારીએ ૧૩ ફોન ચોરી લીધા

### ફોન ગુમ હોવાથીસીસીટીવી ફુટોજ ચેક કરવાથી ૨ કર્મચારીઓની સંડોવણી ખૂલતાં ગુનો દાખલ કરાયો

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૮ ।

જૂનાગઢમાં ઓનલાઈન ડિલીવરી કરતી કંપનીના કર્મચારીઓએ ફોન ગ્રાહકોને પહોંચાડવાના બદલે ચોરી કરી લીધા હતા. આ અંગેની તપાસ બાદ બે કર્મચારીઓએ ૪ લાખથી વધુની કિંમતના ૧૩ મોબાઈલ ફોન ચોરી કર્યાનું સામે આવતા બંને સામે સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે. શહેરના મોતીબાગ નજીક આવેલા કોમ્પ્લેક્ષમાં ઈ-કાર્ટ ઓફિસ ઈન્સ્ટા કાર્ટ વેરહાઉસની બ્રાન્ચ આવેલી છે. ગત માર્ચ માસમાં ગ્રાહકોને ડિલીવરી કરવાના ૧૩ મોબાઈલ ફોન ઓફિસમાંથી ગુમ થયા હતા. આ મોબાઈલ ફોન અનટ્રેસેબલ ડેટામાં હોવાથી મેનેજરે સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા, જેમાં ઓફિસમાં શોર્ટર તરીકેની કામગીરી કરતો રોહિત હેમંત રાઠોડ શોટીંગ કરતી વખતે ફોન ચોરી કરતા જોવા મળ્યો હતો. તેની પૂછપરછ કરતા તેણે ત્યારે ત્રણ અને અગાઉ બે મોબાઈલ ચોરી કર્યાનું જણાવ્યું હતું. તેણે આ પાંચેય ફોન પરત આપી દીધા હતા. બાકીના આઠ ફોન વિશે કોઈ માહિતી આપી ન હતી. ત્યારબાદ પોલીસને અરજી આપી હતી. પોલીસે પાંચ ફોન અલગ-અલગ વ્યક્તિ પાસેથી મેળવ્યા હતા. આ ફોન ઓફિસમાં કામ કરતા આહેદ ગફાર સોબર પાસેથી મેળવ્યા હોવાનું ખુલ્યું હતું. જ્યારે ત્રણ ફોન હજુ સુધી મળ્યા ન હતા. કંપનીના અધિકારીઓએ ચર્ચા બાદ ફરિયાદ કરવા નક્કી કર્યું હતું.

## સરદારનગરમાંથી સાડા પાંચ કિલો ગાંજા સાથે મહિલા ઝડપાઈ

। અમદાવાદ, તા.૧૮ ।

પોલીસ કમિશનરની ગમે તેટલી કડકાઈ હોવા છતાં સરદારનગરમાં દારૂ અને જુગારના દૂષણ સાથે હવે મોટા પ્રમાણમાં ગાંજો મળી આવ્યો છે. એસઓજીની ટીમે એક મહિલાના ઘરમાંથી સાડા પાંચ કિલો ગાંજો ઝડપી લીધો હતો. આ ગાંજો સુતી નામનો સપ્લાયર આપતો ગયો હોવાની વિગતો મળતાં તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા લાંબા સમયથી શહેરમાં હાઈબ્રીડ ગાંજાનું ચલણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે.


# શ્રદ્ધાંજલી



## સ્વ. ધર્મેશ (રાજુ) વિનોદભાઈ શાહ

અમારા અત્યંત સ્નેહી મિત્ર **સ્વ. ધર્મેશ (રાજુ) વિનોદભાઈ શાહ** નું દુ:ખદ અવસાન તા. ૧૩મી જુલાઈ ૨૦૨૫, રવિવારના પવિત્ર દિવસે થયેલ છે. એમનું જીવન સહાનુભૂતિ, સરળતા અને નિષ્કપટ સેવાભાવનું જીવતું ઉદાહરણ હતું. તેઓ જ્યાં ગયા ત્યાં સ્નેહ છલકાવ્યો, સંબંધો નિભાવ્યાં અને મિત્રતાને અર્થ આપ્યો. એમની યાદો અમારાં હૃદયમાં શાશ્વતરૂપે જીવી રહેશે. તેઓ હંમેશાં સ્મિત અને સાથના રૂપમાં જીવંત રહેશે. ભગવાન દિવંગત આત્માને શાંતિ અર્પે અને શોકસંતપ્ત પરિવારજનોને ધૈર્ય અને શક્તિ પ્રદાન કરે.

**ઓમ શાંતિ... ઓમ શાંતિ... ઓમ શાંતિ...**

Old Boys of Sainik School
Balachadi Association
(OBSSA) - Batch of 1991